તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું હસ્તલિખિત મેગેઝિન

# નવેમ્બર 2023

## PART 1

Dt. 01 to 15

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ



ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC


UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

CCE | TAT | TET | HTAT

7600051070





ફરી એકવાર
Dy. SO પરીક્ષામાં
સાબિત કરી દીધું કે...
LATEST
આ બુક તો વાંચવી જ પડે...
ફાસ્ટ ટ્રેક
બંધારણ
એક જ વિષયના 3700 થી વધુ તથ્યો એક સાથે
ટોપિકવાઇઝ તમામ પ્રકારનાં તથ્યો
પ્રિલીમ અને મેઇન્સ બંને પરીક્ષાઓમાં ઉપયોગી
નવી પરીક્ષા પદ્ધતિમાં મૂંઝવતા ઓપ્શન્સ ઝડપી સોલ્વ કરવા માટે મહત્વની બુક
થિયરીકલ પ્રશ્નોના જવાબ આપવા પણ ખૂબ ઉપયોગી
ટેબલ્સ દ્વારા મહત્વપૂર્ણ પોઇન્ટ્સનો સમાવેશ
અન્ય રાજ્યોની PCS, SSC, રેલ્વે તથા વિવિધ પરીક્ષાઓમાં પૂછાયેલા, વારંવાર પૂછાતા પ્રશ્નોનો સમાવેશ
ઓછા સમયમાં વધુ અને ઊંડાણપૂર્વક તૈયારી
We are famous for the most IMP, authentic, to the point, up to date material
એક બુક
બધી પરીક્ષાઓ
કલાસ 1, 2, 3/ કોઇ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી
UPSC, GPSC, PI, PSI, ASI, હિસાબી અધિકારી, રાજ્ય વેરા નિરીક્ષક,
Dy. SO/મામલતદાર, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, મોટર વાહન નિરીક્ષક,
તલાટી, બિન-સચિવાલય/હાઇકોર્ટ ક્લર્ક, TAT, TET, HTAT, SSC,
Crack GPSC easily with...
Crack GPSC
માત્ર 225 પેજની
આ બુક સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે છે
પરમાણુ બોમ્બ
Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય
40%
ડિસ્કાઉન્ટ
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
7600051070



ઘરે ઘરે વસાવવા લાયક
552 પાનાં ધરાવતું દળદાર પુસ્તક
શાળા, કોલેજ કે સરકારી પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે
હું છું ગુજરાત
ગુજરાત માટે આવી બુક જોઈ નહિ હોય
40% ડિસ્કાઉન્ટ
આ બુક તો વાંચવી જ પડે...
હું છું 'ગુજરાત'
એક બુક, બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
,તમામ સંદર્ભ પુસ્તકો, સરકારી પુસ્તકો સરકારી વેબસાઇટ્સ, પાઠ્યપુસ્તકોનો ક્રમબદ્ધ, વ્યવસ્થિત અને ઓથેન્ટિક રીતે ઉલ્લેખ
40થી વધુ નકશાઓ દ્વારા રજૂઆત
MRP. ~~496/-~~
Only 299/-
Crack GPSC
વધુ વિગત માટે Whatsapp કરો 7600051070

# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

UP TO 40% OFF

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

## IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર



MRP. ~~496/-~~ Only @ 299/-



MRP. ~~380/-~~ Only @ 230/-



MRP. ~~380/-~~ Only @ 230/-



Coming...



MRP. ~~230/-~~ Only @ 170/-

## કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ



MRP. ~~270/-~~ Only @ 162/-



MRP. ~~150/-~~ Only @ 99/-



MRP. ~~385/-~~ Only @ 235/-



MRP. ~~280/-~~ Only @ 168/-



MRP. ~~180/-~~ Only @ 126/-

1 **Crack GPSC** એપ ડાઉનલોડ કરો.

2 **BOOKS** વિભાગમાં જઈ, BOOK સિલેક્ટ કરો.

3 **BUY NOW** પર ક્લિક કરી ઓર્ડર કરો.

અથવા સ્કેન કરો

**કુરિયર સર્વિસ FREE** (4 થી 5 દિવસમાં ડિલીવરી)

QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.

## Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય

સરકારી નોકરીની તૈયારી માટે

76000 51070

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

# સ્પેશ્યલ ઓફર

ઓફર લિમિટેડ સમય સુધી જ

# સરકારી નોકરીની તૈયારી કરો છો?



## 50% OFF

## તમામ વિડિયો કોર્સ પર

**Apply કૂપન કોડ : CrackGPSC50**

- પ્લેસ્ટોર પરથી **Crack GPSC** એપ ડાઉનલોડ કરો.
- **Video Courses** પર ક્લિક કરી **પસંદગીના કોર્સ** પર ક્લિક કરો.
- **Buy now** પર ક્લિક કરી **Coupon Code** દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો.
- આપના કોર્સ પર **50% ડિસ્કાઉન્ટ** તરત જ મળી જશે.

---

/ CrackGPSCapp

/ crackgpsc

/ CrackGPSCexam

જો કોઇ મુશ્કેલી અનુભવાય તો હેલ્પલાઈન નંબર પર call/whatsapp કરો.

**76000 51070**

Crack GPSC

## (*) 1 નવેમ્બર - ૨૦૨૩ (*)

**(*) સરકાર 'વિઝન ઈન્ડિયા-૨૦૪૭' દસ્તાવેજ જાહેર કરશે.**

(I) ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત દેશ બનાવવા માટેના ઉદ્દેશ્યો સાથે આ દસ્તાવેજ જાહેર થશે.

(II) આ દસ્તાવેજ એ સુનિશ્ચિત કરશે કે ભારત મધ્યમ-આવકમાં ન ફસાય. જેમાં હાલ ઘણાં દેશો સામેલ થયા છે. આવતા ત્રણ માસમાં આ દસ્તાવેજ પ્રધાનમંત્રી દ્વારા જાહેર થશે.

(III) ભારતનું લક્ષ્ય ૨૦૪૭ સુધીમાં ૧૮૦૦૦-૨૦૦૦૦ ડોલર પ્રતિ વ્યક્તિની આવક સાથે ૩૦ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવાનું છે.

(IV) નવેમ્બર માસમાં ટિમ કુક, સુંદર પિચાઈ, ગૌતમ અદાણી, મુકેશ અંબાણી, કે. એમ. બિડલા, એન. ચંદ્રશેખરન અને ઈન્દ્રા નૂઈ જેવા ઉદ્યોગપતિઓ આ દસ્તાવેજ પર પોતાના વિચારો આપશે.

(V) આ દસ્તાવેજનો મુખ્ય ઉદ્દેશ્ય દેશને મધ્યમ આવકની જાળથી બચાવી આગળના સ્તર પર લઈ જવાનો છે.

**(*) રક્ષા મંત્રી રાજનાથ સિંહે ગોવા મેરીટાઈમ કોન્ક્લેવ ૨૦૨૩ -ને સંબોધિત કર્યું.**

(I) રક્ષામંત્રીએ તમામ દેશો દ્વારા હરિત અર્થવ્યવસ્થામાં નિવેશ અને ટેકનોલોજી બાબતે વિચાર કરવા આહવાન આપ્યું.

(II) ૨૦૨૩ ના આયોજનની થીમ - હિન્દ મહાસાગર ક્ષેત્રમાં સમુદ્રી સુરક્ષા: સામાન્ય સમુદ્રી પ્રાથમિકતાને સહયોગાત્મક બાબતમાં પરિવર્તિત કરવું'

(III) ગોવા મેરીટાઈમ કોન્ક્લેવ- ૨૦૨૩ માં ચોથી આવૃત્તિ છે. જેમાં ભારતના સ્વદેશી જહાજ નિર્માણ ઉદ્યોગનું 'મેક ઈન ઈન્ડિયા પ્રદર્શન' પણ આયોજિત કરાયું છે.

Current Affairs By C.H.Shingala GCPSC

**[*] અબુઆ આવાસ યોજના - ઝારખંડ.**

(I) ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનના નેતૃત્વવાળી મંત્રીપરિષદે બેઘરો માટે અબુઆ આવાસ યોજના હેઠળ ૮ લાખ ઘર બનાવવાની મંજૂરી આપી.

(II) આ યોજના અંતર્ગત ૩૧ વર્ગમીટર ક્ષેત્રફળવાળા ત્રણ રૂમ અને એક કિચન બનાવાશે.

(III) આ યોજનાનો લાભ કાચા મકાનમાં રહેતા પરિવાર, બેઘર અને નિરાશ્રિત પરિવાર, જનજાતીય સમુદાયોના પરિવાર, કુદરતી આફતથી પીડિત તથા મજૂરોને આપવામાં આવશે.

**[*] એમ. એસ. ધોની ભારતીય સ્ટેટબેંકના બ્રાન્ડ એમ્બેસેડર**

(I) ધોનીને SBI સાથે વિશેષ રૂપથી યુવા આબાદી સાથે સંબંધ મજબૂત કરવા માટે બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કર્યા.

(II) ધોની SBIના વિવિધ માર્કેટિંગ અને પ્રચાર અભિયાનોમાં મુખ્ય ભૂમિકા ભજવશે.

(III) સાર્વજનિક ક્ષેત્રની બેંકોમાં હાલ બેડમિંટન ખેલાડી પીવી સિંધુ, કે. શ્રીકાંત અને ક્રિકેટર શેફાલી વર્મા બેંક ઓફ બરોડાના બ્રાન્ડ એમ્બેસેડર છે.

Current Affairs By C.H.Shingala GPSC

**[*] ૨૦૨૩ બેલન ડી'ઓર વિજેતા**

(I) લિયોનલ મેસ્સીને આઠમા અને એટાના બોનમતીને ૨૦૨૩ના બેલન ડી'ઓર વિજેતા નામિત કરાયા.

(II) મેસ્સી હવે રોનાલ્ડોથી ૩ બેલન ડી'ઓર આગળ છે.

(III) બેલન ડી'ઓર ફ્રાંસીસી સમાચાર પત્રિકા ફ્રાંસ ફૂટબોલ દ્વારા પ્રસ્તુત વાર્ષિક ફૂટબોલ પુરસ્કાર છે. જે ૨૦૨૩માં 67મી આવૃત્તિ છે.

**[*] મહારાષ્ટ્ર સરકારે મરાઠાને કુનબી જાતિ પ્રમાણપત્ર દેવા માટે શિંદે પૅનલની રિપોર્ટનો સ્વીકાર કર્યો.**

(I) હાઈકોર્ટના સેવા નિવૃત્ત ન્યાયાધીશ સંદીપ શિંદેની અધ્યક્ષતાવાળી સમિતિએ આ રિપોર્ટ તૈયાર કર્યો છે.

(II) રિપોર્ટ અનુસાર મરાઠવાડાના તમામ 8 જિલ્લામાં બાવન કરોડ રેકોર્ડ તપાસાયા અને તેમાંથી 13 હજાર 498 જૂના કુનબી રેકોર્ડ મળ્યા.

(III) રાજ્ય સરકારે આ દસ્તાવેજના અનુવાદ અને સંરક્ષણની મંજૂરી સાથે ડિજિટલીકરણ કરવાની અનુમતી આપી છે.

(IV) ઉપરાંત રાજ્ય સરકાર મરાઠા સમુદાયના સામાજિક અને શૈક્ષણિક પછાતપણાના મૂલ્યાંકન માટે OBC ડેટા એકત્ર કરશે.

• મરાઠા આરક્ષણ મુદ્દો •

(I) હાલ મહારાષ્ટ્રમાં મરાઠા આરક્ષણનો વિરોધ વધ્યો છે. મરાઠા એ એક જાતિ સમુદાય છે જેમાં કિસાન અને જમીનદારો સામેલ છે.

(II) મરાઠા વસ્તી રાજ્યની વસ્તીના 33% છે. અગાઉ કે મરાઠા આરક્ષણ માટે મુંબઈમાં મથાડી લેબર યુનિયન નેતા અણ્ણાસાહેબ પાટીલે આંદોલન કર્યું હતું.

(III) 2018 માં મહારાષ્ટ્રએ મરાઠા સમુદાય માટે શિક્ષણ, સરકારી નોકરીમાં 16% આરક્ષણ આપ્યું હતું. જેની સામે HC એ શિક્ષણમાં 12% અને સરકારી નોકરીમાં 13% આરક્ષણ કરતા વિવાદ સર્જાયો. 2021માં SC ના 5 ન્યાયાધીશોએ મરાઠા ક્વોટા રદ કર્યો કેમ કે તે આરક્ષણના 50%ની હદથી ઉપર જતું હતું.

Current Affairs By C.H.Shingala

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં.1 એપ
CRACK GPSC
• અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

## (*) 2 નવેમ્બર - 2023 (*)

**(*) UNESCO એ કોઝિકોડને 'સાહિત્યનું શહેર' અને ગ્વાલિયરને 'સંગીતનું શહેર' નામ આપ્યા.**

(I) UNESCO એ 55 શહેરોને સાત રચનાત્મક ક્ષેત્રો, શિલ્પ, લોકકલા, ડિઝાઈન, ફિલ્મ, ગેસ્ટ્રોનોમી, સાહિત્ય, મીડિયા કલા અને સંગીતમાં નામિત કર્યા.

(II) આ નામાંકન <u>વિશ્વ શહેર દિવસ (31 ઓક્ટોબર)</u>ના રોજ UNESCO મહાનિર્દેશક ઓડ્રે અઝોલે જાહેર કર્યું.

(III) પ્રસિદ્ધ હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતકાર તાનસેનનો જન્મ ગ્વાલિયર ખાતે હિન્દૂ ગૌડ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો.

(IV) કોઝિકોડમાં સ્થિત અનેક સંસ્થાઓ સાહિત્યિક જીવન અને વિવિધ સાહિત્યિક કાર્યક્રમો આયોજિત કરવા માટે પ્રખ્યાત છે.

Current Affairs By C.H.Shingala

**(*) પશ્ચિમ ઘાટના શોધકર્તાઓને મશરૂમની નવી પ્રજાતિ મળી.**

(I) જવાહરલાલ નેહરુ ટ્રોપિકલ બોટાનિકલ ગાર્ડન એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટના પરિસરમાં મધ-પીળા રંગની 'કૈપ'વાળી નાની મશરૂમ જોવા મળી.

(II) શોધકર્તાઓએ નવી પ્રજાતિને જીનસ કૈંડોલોમાઈસેસ-થી સંબંધિત દર્શાવી જેની દુનિયાભરમાં માત્ર 35 પ્રજાતિઓને માન્યતા પ્રાપ્ત છે.

(III) આ નવી પ્રજાતિનું નામ કૈંડોલિઓમાઈસેસ અલ્બોસ્ક્વામોસસ રાખવામાં આવ્યું છે. જેની સપાટી 'કૈપ(ટોપી)' પર સફેદ રંગની સ્કેલ જેવી રચના થાય છે.

કરન્ટ અફેર્સ
Crack GPSC
Daily કરન્ટ અફેર્સ PDF આપને
ટેલિગ્રામ ચેનલમાં મળશે.
/CrackGPSCapp

**[*] ઉત્તરાખંડ સરકાર રાજાજી ટાઈગર રિઝર્વ કન્ઝર્વેશન ફાઉન્ડેશનની સ્થાપના કરશે.**

(I) આ ફાઉન્ડેશનનો ઉદ્દેશ્ય રિઝર્વમાં અને તેની આસપાસ પ્રાકૃતિક પર્યાવરણની રક્ષા કરવાનો અને સ્થાનીક સમુદાયોને જંગલ પરની નિર્ભરતા ઘટાડવા અને તેમને વૈકલ્પિક આજીવિકા પ્રદાન કરવાનો છે.

(II) ઉપરાંત સરકાર આ વિસ્તારમાં પ્રવાસન ઉદ્યોગ વિકસાવશે જેનાથી સ્થાનિક રોજગારી પ્રાપ્ત થશે. રોજગાર માટેની પરવાનગી માટે સરકાર 'એક બારી' પ્રણાલી લાગૂ કરશે. જેનાથી વેપારમાં સરળતા રહેશે.

**[*] કેન્દ્રીય ગૃહ મંત્રાલયની 'વિશેષ ઓપરેશન પદક' અપાયો.**

(I) વર્ષ ૨૦૨૩માં કેન્દ્રીય ગૃહ મંત્રાલયને વિશેષ અભિયાનો ચલાવવા અને તેમાં કામ કરવા બદલ આ પદક અપાયો.

(II) આ પુરસ્કાર આતંકવાદ વિરોધ, સીમા કાર્યવાહી, હથિયાર નિયંત્રણ, નશીલા પદાર્થની તસ્કરી રોકવા અને બચાવ કાર્યના વિશેષ અભિયાનો માટે અપાયો.

(III) આ પુરસ્કારની રચના ૨૦૧૮માં થઈ હતી જેનો મુખ્ય ઉદ્દેશ્ય એવા ઓપરેશનોને સન્માનિત કરવાનો હતો જેમાં ઉચ્ચ સ્તરે રાજ્ય/દેશની સુરક્ષા મહત્વપૂર્ણ હોય.

**[*] વિપક્ષી નેતાઓ દ્વારા iPhone હેકિંગ એલર્ટની બાબત બાદ સરકાર તપાસના આદેશો આપ્યા.**

(I) અમુક વિપક્ષી નેતાઓને આઈફોન નિર્માતા કંપની 'એપલ' થી હેકિંગનો એલર્ટ મળ્યા બાદ તેમણે આરોપ મૂક્યો કે કેન્દ્ર સરકાર તેમના ફોન હેક કરે છે.

(II) આ બાબતે કેન્દ્રીય પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે તપાસના આદેશો આપ્યા. અને સાથે સાથે એપલને પણ આ તપાસમાં સામેલ થવા આદેશો આપ્યા.

(III) ભારતમાં હેકિંગ એ દંડનીય અપરાધ છે અને તેના માટે ૩ વર્ષની જેલ અથવા બે લાખ સુધીના દંડની જોગવાઈ છે.

(IV) હેકિંગનો ઉપયોગ અવૈધ ઉદ્દેશ્યથી કમ્પ્યૂટર નેટવર્ક સુરક્ષા પ્રણાલી સુધી અનઅધિકૃત રીતે પહોંચવા થાય છે.

Current Affairs By C.H.Shingala

## [*] 2023 બ્રિટિશ અકાદમી પુસ્તક પુરસ્કાર- નંદીની દાસ

(I) ભારતમાં જન્મેલ લેખિકા નંદિની દાસને તેમના પુસ્તક 'કોર્ટિંગ ઈન્ડિયા: ઈંગ્લેન્ડ, મુગલ ઈન્ડિયાના પ્રથમ રાજનૈતિક મિશનના માધ્યમથી બતાવાયેલ બ્રિટન અને ભારતની મૂળ કહાની' માટે અપાયો.

(II) નંદિની દાસ ઓક્સફર્ડ વિશ્વવિદ્યાલયમાં અંગ્રેજી સાહિત્યના પ્રોફેસર છે.

(III) પુસ્તકમાં 17મી સદીમાં શરૂ થયેલ સર થોમસ રોના આગમનની કહાનીના માધ્યમથી સામ્રાજ્યની ઉત્પતિ પ્રસ્તુત કરે છે.

**પુસ્તકનું નામ**

'કોર્ટિંગ ઈન્ડિયા: ઈંગ્લેન્ડ, મુગલ ઈન્ડિયા એન્ડ ધ ઓરિજિન્સ ઓફ એમ્પાયર'

Current Affairs By C H Shingala

## [*] વર્લ્ડ ફૂડ ઈન્ડિયા- 2023

(I) વર્લ્ડ ફૂડ ઈન્ડિયા-2023નું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી મોદીએ નવી દિલ્લી, પ્રગતિ મેદાન ખાતે કર્યું. આ આયોજન ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રાલય દ્વારા થશે.

(II) આ આયોજનમાં ભારતની સમૃદ્ધ ખાદ્ય સંસ્કૃતિ દુનિયાને બતાવાશે. જેમાં 23 રાજ્યો અને અનેક દેશોના 1200થી વધુ પ્રદર્શકો ભાગ લેશે.

(III) આ આયોજનમાં નેધરલેન્ડ ભાગ લેશે તથા જાપાન અને વિયેતનામ ફોકસ દેશ રહેશે.

(IV) B2B, B2G, G2G બેઠક અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ આયોજિત થશે.

(V) આ આયોજનમાં બાજરાના વિશેષ પીલાનું 50,000 ટેટ્રા-પેક કન્ટેનરની સ્થાપના કરાશે જે આંતરરાષ્ટ્રીય બાજરા વર્ષ-2023ની ઉજવણીનો ભાગ રહેશે.

# ✱ ૩ નવેમ્બર-૨૦૨૩ ✱

**✱ FSSAI એ ૨૦૨૩ નો રાજ્ય ખાદ્ય સુરક્ષા સૂચકાંક જાહેર કર્યો.**

(I) સૂચકાંક અનુસાર, ૨૦ મોટા રાજ્યોમાંથી 19 એ ૨૦૧૯ની તુલનાએ ૨૦૨૩માં તેમનો સ્કોર નીચો દર્શાવ્યો.

(II) મહારાષ્ટ્ર, બિહાર, ગુજરાત અને આંધ્રપ્રદેશે સ્કોરમાં ઘટાડો નોંધાવ્યો. જેમાં મહારાષ્ટ્ર એ 74 થી સીધા 45 ના સ્કોર સાથે સૌથી વધુ ઘટાડો નોંધાવ્યો.

(III) બિહાર 46 ના સ્કોરથી સીધો ૨૦.5 અને ગુજરાત 73 થી સીધા 48.5 ના સ્કોરે રહ્યું.

(IV) ૨૦૧૯ થી રાજ્યોને રાજ્ય ખાદ્ય સુરક્ષા સૂચકાંક આપવામાં આવે છે જે કુલ 100માંથી અલગ અલગ બાબતો ધ્યાને રાખી આપવામાં આવે છે.

Current Affairs By C.J.Shingala

**✱ ભૂટાન તમામ રખડતા કૂતરાની નસબંધી કરનાર દુનિયાનો પ્રથમ દેશ બન્યો.**

(I) 14 વર્ષની લાંબી પરિયોજના બાદ ભૂટાને આ પ્રકારની સફળતા મેળવી.

(II) આ સાથે ભૂટાનના પ્રધાનમંત્રી લોટે શેરિંગે રાષ્ટ્રીય કૂતરા જનસંખ્યા નિયંત્રણ અને રેબીઝ નિયંત્રણ પરિયોજનાની પૂર્ણાહુતિ જાહેર કરી.

(III) આ પરિયોજના અંતર્ગત 1,50,000 રખડતા શ્વાનની સફળતાપૂર્વક નસબંધી અને રસીકરણ કરાયું. જેમાં 32,000 પાલતૂ શ્વાનના માઈક્રોચિપિંગ પણ સામેલ છે.

(IV) સમગ્ર એશિયામાં લગભગ 300 મિલિયન રખડતા કૂતરાઓ ભૂખમરો, સંક્રમિત રોગ, બિમારીઓ, સડક દુર્ઘટના, સંક્રમક કેન્સરનો સામનો કરી રહ્યા છે. વાર્ષિક 59,000 લોકો એશિયામાં હડકવાના કારણે મૃત્યુ પણ પામે છે.

**[*] ભારતમાં કામગીરીમાં મહિલાની ભાગીદારી વધીને ૩૭% થઈ.**

(I) કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ૨૦૨૨-૨૩માં દેશની કામગીરીમાં મહિલા ભાગીદારી વધીને ૩૭% થઈ હોવાનું કહ્યું જે ૨૦૧૭-૧૮માં ૨૩% હતી.

(II) કાર્યક્ષેત્રમાં વધતી મહિલાની ભાગીદારી સમાજમાં સંતુલિત વિકાસ દર્શાવે છે. અને આ માટે કેન્દ્ર સરકાર પણ નીતિ-નિર્માણ અને નેતૃત્વની ભૂમિકામાં મહિલાઓને પ્રાથમિકતા આપી રહી છે.

**[*] ભારત-ફિનલેન્ડ વચ્ચે 12મો વિદેશી કાર્યાલય પરામર્શ**

(I) વિદેશ મંત્રાલયના સચિવ સંજય વર્મા અને ફિનિશ વિદેશ મંત્રાલયના સચિવ જુક્કા સાલોવારાએ નવી દિલ્લી ખાતે આ બેઠક આયોજિત કરી.

(II) આ બેઠકમાં બંને દેશોમાં રાજનૈતિક અને સાંસ્કૃતિક સંબંધો, વેપાર અને રોકાણ, શિક્ષણ, ડિજિટલ ભાગીદારી, ટકાઉ વિકાસ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. ઉપરાંત આર્કટિક અને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ સુધાર સહિત બહુપક્ષીય સહયોગ પર પણ ચર્ચા કરવામાં આવી.

(III) આ સંવાદમાં ભારત અને ફિનલેન્ડનો વિકાસ, યુક્રેન સંઘર્ષ સહિત આપસી હિતના ક્ષેત્રીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પરના વિચારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું.

(IV) 13મો ભારત-ફિનલેન્ડ સંવાદ હેલસિંકીમાં આયોજિત થશે. જે માટે બંને પક્ષોએ સહમતી દર્શાવી છે.

Current Affairs By C.H.Shingala GPSC

**(*) RBI એ DCCB (District co-operative Commercial Bank) ની શાખા બંધ કરવા માટેના નિયમો નિર્ધારિત કર્યા.**

(I) RBI એ આપેલા નવા નિયમ અનુસાર સહકારી બેંકોને કેન્દ્રીય બેંકોની અનુમતિ વિના તેની બિનલાભકારી શાખાને બંધ કરવાની અનુમતિ મળશે.

(II) આ માટે સહકારી સમિતિએ રજિસ્ટ્રારની સહમતિ અનિવાર્ય રહેશે. પરિપત્ર અનુસાર શાખા બંધ કરવાનો નિર્ણય બોર્ડ દ્વારા પ્રાસંગિક કારણોને ધ્યાનમાં રાખ્યા બાદ લેવામાં આવેલો હોવો જોઈએ.

(III) શાખા બંધ કરતાં અગાઉ તમામ જમાકર્તા અને ગ્રાહકોને સ્થાનિક સમાચાર પત્રોમાં પ્રેસ નોટના માધ્યમથી જાણ કરવી ૨ માસ અગાઉ અનિવાર્ય રહેશે. અને જે-તે શાખા માટે પ્રાપ્ત થયેલ લાયસન્સ RBI ને પરત કરવાનું રહેશે.

(IV) જો કોઈ કારણોસર RBI એ બેંક પર પ્રતિબંધ લગાવેલો હશે તો DCCB બેંકોની શાખા બંધ કરવાની અનુમતિ મળશે નહિ.

Current Affairs By C.H.Shingala GPSC

**(*) વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર ઓફ ધ યર પુરસ્કાર 'વિહાન તલ્યા વિકાસને'**

(I) બેંગલુરના 10 વર્ષીય બાળકે આ પુરસ્કાર મળ્યો. જે અન્ડર-10 વર્ગમાં મેળવ્યો.

(II) વિહાનની તસ્વીરમાં બેંગલુરના બહારના વિસ્તારમાં સ્થિત ભગવાન કૃષ્ણની મૂર્તિ સાથે એક મકડીની સ્થિતિને તેણે કેદ કરી હતી. આ તસવીરને 95 દેશના 50,000 લોકોએ પસંદ કરી.

(III) આ તસવીર પ્રતિષ્ઠિત WPY59 સંગ્રહના ભાગ બનશે અને પ્રાકૃતિક ઈતિહાસ સંગ્રહાલયમાં આવનારા વન્યજીવ ફોટોગ્રાફર ઓફ ધ યર પ્રદર્શનમાં પ્રદર્શિત થશે. આ પ્રદર્શન ચાર મહાદ્વીપના 25 સ્થાનોમાં આયોજિત થશે.

(IV) નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ દ્વારા આ પુરસ્કાર અપાય છે જેને 'ફોટોગ્રાફીનો ઓસ્કાર' પણ કહેવાય છે.

૨૦૨૨ના વિજેતા - કેરિન એગ્નર (USA)

# [*] 4 નવેમ્બર -2023 [*]

## [*] ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ શો- બેંગલુરુ

(I) રક્ષામંત્રી રાજનાથ સિંહે આ શોનું ઉદ્ઘાટન કર્યું. જેનું આયોજન લઘુ ઉદ્યોગ ભારતી અને આઈએમએક્સ ફાઉન્ડેશન ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યુ.

(II) ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ શો નો છઠ્ઠી આવૃત્તિમાં વિવિધ ક્ષેત્રોમાં ટેક્નોલોજી, ઉપકરણ અને વિવિધ સંસાધનોને 'મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ' થીમ સાથે દર્શાવાશે.

(III) આ શોમાં એરોસ્પેસ અને રક્ષા એન્જિનિયરિંગ, સ્વયંસંચાલિત રોબોટ અને ડ્રોન પણ સામેલ છે.

(IV) આ શોનું લક્ષ્ય વિવિધ ક્ષેત્રોમાં વ્યાવસાયિક ભાગીદારી દ્વારા ભારતના ઉદ્યોગોને આત્મનિર્ભર બનાવવાનું છે.

## [*] વાનખેડે સ્ટેડિયમ ખાતે સચિન તેંડુલકરની પ્રતિમાનું અનાવરણ.

(I) મુંબઈ વાનખેડે સ્ટેડિયમ ખાતે મહારાષ્ટ્રના CM એકનાથ શિંદે, NCP સુપ્રીમો શરદ પવાર, BCCI સચિવ જય શાહ તથા ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાની ઉપસ્થિતિમાં સચિન તેંડુલકરના હસ્તે તેમની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું.

(II) પ્રતિમા બનાવનાર - પ્રમોદ કાંબલે. જેઓ મહારાષ્ટ્રના અહમદનગરના ચિત્રકાર-મૂર્તિકાર છે.

(III) મુંબઈ વાનખેડે સ્ટેડિયમમાં ભારતે 2011માં ICC વર્લ્ડકપ જીત્યો હતો.

(IV) સચિને ટેસ્ટ અને એક દિવસીય આંતરરાષ્ટ્રીય બંને મેચોમાં 34,000 રન બનાવ્યા. તથા ક્રિકેટના ઈતિહાસમાં 100 સદી બનાવનાર એક માત્ર ખેલાડી છે.

(V) તેમણે પોતાની છેલ્લી મેચ 2013માં વાનખેડે સ્ટેડિયમમાં રમી હતી.

GPSC Current Affairs By C.H.Shingala

## ✱ શાસ્ત્રીય સંગીતજ્ઞ લીલા ઓમચેરીનું નિધન

(I) ભારતીય શાસ્ત્રીય અને લોકસંગીતની વિવિધ શાખાઓમાં તેમની શોધ માટે પ્રખ્યાત લીલા ઓમચેરીનું નવી દિલ્હી ખાતે નિધન થયું.

(II) તેમણે લોકગીત, સોપના સંગીત, હિન્દુસ્તાની સંગીત અને કર્ણાટક સંગીતમાં પ્રદાન આપ્યું હતું.

(III) તેઓ થેયરમ ગીત, કથકલી સંગીત, કૂટીયાટ્ટમ નૃત્ય માટે પ્રખ્યાત હતા. અને દિલ્હી વિશ્વવિદ્યાલયના સંગીત વિભાગના પ્રમુખ હતા.

(IV) તેમને સંગીત ક્ષેત્રના યોગદાન માટે 2005માં પદ્મશ્રી આપવામાં આવ્યો હતો.

## ✱ શ્રીલંકાના ત્રિંકોમાલીમાં SBI ની શાખાનું ઉદ્ઘાટન

(I) નાણામંત્રી નિર્મલા સીતારમણે આ શાખાનું ઉદ્ઘાટન કર્યું.

(II) આ કાર્યક્રમમાં શ્રીલંકાના પૂર્વ પ્રાંતના ગવર્નર સેંથિલ થોંડામન, ભારતના ઉચ્ચાયુક્ત ગોપાલ બાગલે અને SBI ના અધ્યક્ષ દિનેશ ખારા ઉપસ્થિત રહ્યા.

(III) SBI ના પ્રયાસોથી ભારત સરકાર શ્રીલંકાને 1 બિલિયન ડોલરની લોન સુવિધા આપશે

Current Affairs By C.H.Shingala
GPSC

એક એપ બધી પરીક્ષાઓ
સરકારી નોકરી ની તૈયારી કરો
RFO | TAT | TET | HTAT
ગુજરાતની નં. 1 એપ સાથે
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy.SO/મામલતદાર - બિનસચિવાલય ક્લર્ક - તલાટી - કોન્સ્ટેબલ
76000 51070

## (*) પ્રાઈમ ગ્લોબલ સિટીઝ ઈન્ડેક્સ Q3 - 2023

(I) રિયલ એસ્ટેટ સલાહકાર નાઈટ ફ્રેંક ઈન્ડિયાએ આ ઈન્ડેક્સ જાહેર કર્યો.

(II) લક્ઝરી ઘરોની કિંમતમાં વધારા બાબતે મુંબઈને વૈશ્વિક સ્તરે 46 શહેરોમાં ચોથું સ્થાન મળ્યું.

(III) મુંબઈ, બેંગલુરુ, દિલ્હીમાં આવાસ અને લક્ઝરી ઘરોની કિંમતમાં વધારો જોવા મળ્યો.

(IV) કિંમતોમાં 21.2% ની વૃદ્ધિ સાથે મનીલા (ફિલિપાઈન્સ) ટોચ પર છે. જ્યારે 15.9% સાથે દુબઈ બીજા અને 10.4% સાથે શાંઘાઈ ત્રીજા સ્થાને છે.

## (*) 28 દેશોએ કૃત્રિમ બુદ્ધિમત્તાથી જોડાયેલ જોખમો રોકવા દુનિયાની પ્રથમ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા.

(I) AI સેફ્ટી સમિટ 2023 UK ના બ્લેચલે પાર્કમાં દ્વિતીય વિશ્વયુદ્ધ કોડ-બ્રેકિંગ સેન્ટરમાં આયોજિત થયું જેમાં 27 દેશો અને 1 યુરોપીય યુનિયન સહિત ભારતે આ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા.

(II) UK સરકારે આ સમજૂતીને બ્લેચલે ઘોષણા પત્રના નામથી ઓળખવાની જાહેરાત કરી.

(III) બ્રિટન પ્રધાન ઋષિ સુનકના મતે આ ઘોષણાપત્ર એક ઐતિહાસિક ઉપલબ્ધિ છે જેમાં દુનિયાની સૌથી મોટી AI શક્તિઓ ટેકનોલોજીના જોખમને સમજવા માટે તાત્કાલિક સહમત થયા.

(IV) આ સમજૂતી આવનારી પેઢીના દીર્ઘકાલિન ભવિષ્યને સુનિશ્ચિત કરવામાં મદદ કરશે.

Current Affairs By C.H.Shingala
Crack GPSC

# [*] 5 નવેમ્બર - 2023 [*]

## [*] ઐશ્વર્ય પ્રતાપ સિંહ તોમર એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેળવ્યો.

(I) તોમર એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં 50 મીટર રાઈફલ 3 પોઝિશન વ્યક્તિગત સ્પર્ધામાં દક્ષિણ કોરિયાના ચાંગવોન ખાતે ફાઈનલમાં 463.5 ના સ્કોર સાથે ગોલ્ડ મેળવ્યો.

(II) આ ઉપરાંત તોમર, સ્વપ્નિલ કુસાલે અને અખિલ શ્યોરાણની ભારતીય ત્રિપુટીએ 1764ના સ્કોર સાથે ટીમ સિલ્વર જીત્યો.

(III) ભારત એશિયાઈ નિશાનેબાજ ચેમ્પિયનશિપમાં 21 ગોલ્ડ, 21 સિલ્વર, 13 બ્રોન્ઝ સહિત 55 મેડલો સાથે મેડલ લિસ્ટમાં બીજા સ્થાને છે.

(IV) એશિયાઈ શૂટિંગ ચેમ્પિયનશિપનું આયોજન એશિયાઈ શૂટિંગ પરિસંઘ દ્વારા થાય છે.

## [*] મનોરંજન મિશ્રા RBIના કાર્યકારી નિર્દેશક નિયુક્ત

(I) મનોરંજન મિશ્રા કાર્યકારી ડાયરેક્ટર તરીકે ત્રણ વિભાગો સંભાળશે (1) અમલીકરણ વિભાગ (2) જોખમ વિભાગ અને (3) બાહ્ય રોકાણ સંચાલન વિભાગ.

(II) તેમની નિયુક્તિ 1 નવેમ્બર, 2023 થી શરૂ થશે.

યાદ રાખો 🙂

▷ દીપેશ નંદા - ટાટા પાવર રિન્યુએબલ એનર્જીના CEO અને MD નિયુક્ત.

Current Affairs By C.H.Sringala

## (*) નેપાળમાં 6.4ની તીવ્રતાનો ભૂકંપ

(I) રાષ્ટ્રીય ભૂકંપ માપન કેન્દ્ર દ્વારા ભૂકંપનું કેન્દ્ર મજરકોટ જિલ્લાના લામિડાંડા વિસ્તારમાં દર્શાવવામાં આવ્યું.

(II) જર્મન રિસર્ચ સેન્ટર ફોર જિયોસાયન્સિઝ અનુસાર, ભૂકંપની તીવ્રતા 5.7 જ્યારે અમેરિકી જિયોલોજિકલ સર્વે અનુસાર 5.6ની જોવા મળી.

(III) આ ભૂકંપ 2015માં આવેલા ભૂકંપ બાદનો સૌથી મોટો ભૂકંપ છે. જેના ઝટકા નવી દિલ્હી અને ભારતના અનેક વિસ્તારોમાં જોવા મળ્યા.

(IV) વૈજ્ઞાનિકોએ આપેલ ભવિષ્યની ચેતવણી અનુસાર હિમાલય ક્ષેત્રમાં કોઈ પણ સમયે વિશાળ ભૂકંપ આવી શકે છે.

### નેપાળમાં વારંવાર ભૂકંપ આવવાનું કારણ

- હિમાલયના નિર્માણ સમયે ભારતીય પ્લેટ ઉત્તર તરફ ગઈ અને યુરેશિયન પ્લેટ સાથે અથડાઈ. આ અથડામણના કારણે યુરેશિયન પ્લેટ વળી ગઈ અને હિમાલયનું નિર્માણ થયું.
- નેપાળ એ મુખ્ય ભૂવૈજ્ઞાનિક ફોલ્ટલાઈન પર સ્થિત છે જ્યાં ભારતીય ટેક્ટોનિક પ્લેટ અને યુરેશિયન પ્લેટ વચ્ચે અથડામણો થતી રહે છે. જેના કારણે અહીં વારંવાર ભૂકંપ આવે છે.

## (*) ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક ભારતની મુલાકાતે.

(I) ભૂટાનના રાજા 8 દિવસીય યાત્રા માટે ગૌવાહાટી પહોંચ્યા. જ્યાં આસામના CM હિમંત બિસ્વા સરમાએ તેમનું સ્વાગત કર્યું.

(II) હાલ ભૂટાન અને ચીનના સીમા વિવાદની વાતચીત ભારત માટે અત્યંત મહત્વની છે. અને ડોકલામ ટ્રાઈજંક્શન વિવાદ આ મુલાકાત માટે અગત્યનો માનવામાં આવે છે.

Current Affairs By G.H. Shingala GPSC

[*] મોહમ્મદ શમી વનડે વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેનાર ખેલાડી

(I) ભારત-શ્રીલંકા 2023 વિશ્વ કપ મેચ દરમિયાન મોહમ્મદ શમીએ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં એકદિવસીય વિશ્વ કપમાં ઈતિહાસમાં ભારતના સૌથી વધુ વિકેટ લેનાર ખેલાડી બન્યા.

(II) શ્રીલંકા સામેની મેચમાં 5 વિકેટ બાદ શમી એક દિવસીય વિશ્વ કપમાં [45 વિકેટ] સાથે ઝહીર ખાન (44) અને શ્રીનાથ જવાગલ (44) નો રેકોર્ડ તોડ્યો.

(III) એક દિવસીય વિશ્વકપમાં સૌથી વધુ વિકેટ 71 સાથે ગ્લેન મૈકગ્રાથ પ્રથમ ક્રમે છે.

(IV) શમી વનડે વર્લ્ડકપમાં સૌથી વધુ 5 વિકેટ લેવાની બાબતમાં સ્ટાર્કની બરાબરીમાં આવ્યા.

[*] CBSE - UAE માં ક્ષેત્રીય પ્રશાસનિક કાર્યાલય ખોલશે.

(I) કેન્દ્રીય શિક્ષા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને દુબઈમાં CBSC થી સંબંધિત શાળાઓના આચાર્યો સાથેની બેઠકમાં આ જાહેરાત કરી.

(II) આ બેઠક દુબઈ સ્થિત ભારતીય દૂતાવાસમાં રાજદૂત સંજય સુધીરની ઉપસ્થિતિમાં આયોજિત થઈ.

CBSE (કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ)

▷ ભારતની સરકારી અને ખાનગી શાળાનું રાષ્ટ્રીય સ્તરનું શિક્ષણ બોર્ડ જે શિક્ષણ મંત્રાલય હેઠળ કામ કરે.

▷ તેની રચના 2 જુલાઈ, 1929 એ થઈ અને મુખ્ય મથક નવી દિલ્હી ખાતે છે.

Current Affairs By C.H. Chingala GPSC

## (*) ચૂંટણી આયોગનું સોફ્ટવેર - ઈનકોર

(I) ચૂંટણી આયોગે ઉમેદવારની અને ચૂંટણીની કામગીરી માટે ઈન-હાઉસ સોફ્ટવેર - ઈનકોર લૉન્ચ કર્યું.

(II) ઈનકોર - ઈનેબલિંગ કમ્યુનિકેશન ઓન રિયલ ટાઈમ મેનેજમેન્ટ.

(III) આ સોફ્ટવેરમાં રિટર્નિંગ અધિકારી નામાંકન, ચકાસણી, શપથ પત્ર, મતદાતા સંખ્યા, વોટ ગણતરી, ચૂંટણી પરિણામ અને ડેટા સંચાલન કરી શકશે.

(IV) ઈનકોર સૂટની નામક અન્ય એપ. અધિકારીને નાંમાંકન કરાયેલ ઉમેદવારની તપાસ કરવામાં મદદ કરશે.

## (*) ભારતના ૨૦૨૩ના સૌથી મોટાં દાનવીર- શિવ નાદર

(I) HCL Tech ના સંસ્થાપક શિવ નાદરે એડેલગિવ હુરુન ઈન્ડિયા પરોપકાર સૂચી ૨૦૨૩માં તેમનું સ્થાન પ્રથમક્રમે મળેલી રાખ્યું.

(II) તેમણે છેલ્લાં 5 વર્ષમાં ત્રીજીવાર આ ક્રમ મળવ્યો.

(III) 5.6 કરોડ રૂ. દૈનિક દાન સાથે વાર્ષિક ૨૦૪૨ કરોડ તેમણે દાન આપ્યું.

(IV) આ યાદીમાં 1774 કરોડ સાથે વિપ્રોના અઝીમ પ્રેમજી બીજા સ્થાન અને 376 કરોડ સાથે મુકેશ અંબાણી ત્રીજા સ્થાને છે.

(V) આ યાદીમાં લેખિકા રોહિણી નીલેકણી- સૌથી દાનવીર મહિલા તરીકે નામિત થયા. અને ઝેરોધાના સહ સંસ્થાપક નિખિલ કામથ સૌથી નાની ઉંમરના દાનવીર બન્યા.

(VI) યાદી મુજબ દાનની બાબતમાં શિક્ષણ પ્રથમ અને સ્વાસ્થ્ય બીજા નંબરનું ક્ષેત્ર રહ્યું.

Current Affairs By C.H.Shingala GPSC

# ✱ 6 નવેમ્બર-2023 ✱

**✱ DRDOની આયરન ડોમ રક્ષા પ્રણાલીનું ભારતીય સંસ્કરણ**

(I) ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં આયરન ડોમ રક્ષા પ્રણાલીએ વિશેષ ધ્યાન ખેંચ્યું. DRDOએ પ્રોજેક્ટ કુશ અંતર્ગત લાંબી રેન્જની આ રક્ષા પ્રણાલી વિકસિત કરી છે.

(II) આ પ્રણાલી લાંબી રેન્જની ક્રૂઝ મિસાઈલ, સ્ટીલ્થ ફાઈટર જેટ, ડ્રોન સહિતની ભાળકારી મેળવી તેને નષ્ટ કરવામાં સક્ષમ છે. આ સિસ્ટમમાં અગ્નિ રડાર અને ઈન્ટરસેપ્ટર મિસાઈલ સામેલ રહેશે. અને 150-200 kmની દૂરીના લક્ષ્યને ઓળખી તેનો નાશ કરવા સક્ષમ હશે.

(III) આ સિસ્ટમ ઈઝરાયેલની આયરન ડોમ સિસ્ટમ અને USAની 'પૈટ્રિયટ' સિસ્ટમથી વધુ પ્રભાવિત છે.

**✱ ECI અને શિક્ષણ મંત્રાલય વચ્ચે ચૂંટણી સાક્ષરતા વધારવા સમજૂતી કરાર કરાયા.**

(I) સમગ્ર દેશમાં શિક્ષણમાં ચૂંટણી સાક્ષરતા લાવવા માટે એક રોડમેપ તૈયાર કરવા આ સમજૂતી કરવામાં આવી.

(II) સમજૂતી અંતર્ગત મતદાતા શિક્ષણ અને ચુનાવી સાક્ષરતાને 6થી12 ના પાઠ્યપુસ્તકોમાં એક પ્રકરણ તરીકે આપવામાં આવશે.

(III) આ પ્રકારની માહિતીથી નવા મતદાતાઓને ચૂંટણી પ્રક્રિયામાં ભાગીદારી માટે તૈયાર કરવામાં મદદ મળશે. અને તેના માટેનો અભ્યાસક્રમ NCERT તૈયાર કરશે.

Current Affairs By G.H.Shingala GPSC

**(*) બાંગ્લાદેશ ૨૦૨૫માં ૨૫મી એશિયાઈ તીરંદાજી ચેમ્પિયનશિપની મેજબાની કરશે.**

(I) બાંગ્લાદેશે વિશ્વ તીરંદાજી એશિયા કોંગ્રેસમાં 14-10 ના વોટથી જીત મેળવી.

(II) તીરંદાજી એશિયા કોંગ્રેસ ૩ નવે, ૨૦૨૩એ બેંગકોક, થાઈલેન્ડ ખાતે આયોજિત થઈ હતી. જેમાં એશિયાઈ મહાદ્વીપના ૨૫ સભ્ય દેશોએ ભાગ લીધો હતો.

(III) ૨૦૨૫ની એશિયાઈ તીરંદાજી ચેમ્પિયનશિપમાં મેજબાન બનવા બાંગ્લાદેશ અને ચીને આવેદન કર્યું હતું.

**(*) યુદ્ધ અને સંઘર્ષમાં પર્યાવરણના શોષણને રોકવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ- 6 નવેમ્બર**

(I) 5 નવેમ્બર, 2001 એ UN મહાસભાએ યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણના શોષણને રોકવા આ દિવસની જાહેરાત કરી હતી.

(II) મહાસચિવ કોફી અન્નાનના કાર્યકાળમાં આ જાહેરાત થઈ હતી.

(III) 27 મે 2016 એ સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ સભાએ સશસ્ત્ર સંઘર્ષના જોખમોને ઘટાડવામાં સ્વસ્થ પારિસ્થિતિકી તંત્ર અને સ્થાયી રૂપથી સંબંધિત ભૂમિકાને માન્યતા આપવા પ્રસ્તાવ અપનાવ્યો હતો.

Current Affairs By C.H.Shringala

**(*) નૌસેનાની સ્વદેશી મિસાઈલ 'સૂરત'**

(I) ગુજરાતના CM ભૂપેન્દ્રભાઈ પટેલ અને નૌસેના પ્રમુખ એડમિરલ આર હરિકુમારની ઉપસ્થિતિમાં આ મિસાઈલનું સૂરત ખાતે અનાવરણ કરવામાં આવ્યું.

(II) પ્રોજેક્ટ 15B હેઠળ ચાર સ્ટેલ્થ મિસાઈલ નિર્માણ કરવામાં આવી જેમાં 'સૂરત' ચોથી અને છેલ્લી આવૃત્તિ છે. જેનું નિર્માણ મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ, મુંબઈ ખાતે કરાયું.

(III) 16 થી 18 મી સદીમાં સૂરત શહેર ભારત સહિત અનેક દેશો વચ્ચે મહત્વપૂર્ણ સમુદ્રી વ્યાપાર કેન્દ્ર હતું.

**[*] ED (એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટરેટ)ની ભલામણના આધારે સરકારે ૨૨ અવૈધ સટ્ટાબાજી પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂક્યો.**

(I) ઈલેક્ટ્રોનિક અને સૂચના મંત્રાલય દ્વારા મહાદેવ બુક અને રેડ્ડી અન્નાપ્રેસ્ટોપ્રો સહિત ૨૨ એપ્સ અને વેબસાઈટો બંધ કરવા આદેશો આપ્યા.

(II) વિવિધ તપાસો અંતર્ગત છત્તીસગઢ ખાતેથી સંચાલિત મહાદેવ બુકના આરોપી ભીમસિંહ યાદવ છત્તીસગઢ પોલીસમાં કોન્સ્ટેબલના પદ પર રહી આ પ્રકારના પ્લેટફોર્મનું ગેરકાનૂની સંચાલન કરી રહ્યા હતા. જેમને ધન શોધન અટકાયત અધિનિયમ, ૨૦૦૨ની કલમ 19 હેઠળ ધરપકડ કરવામાં આવ્યા.

(III) મહાદેવ એપ પાસેથી EDને 417 કરોડની સંપત્તિ મળી આવી.

**[*] ગંગા ઉત્સવની 7મી આવૃત્તિ રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન (NMCG) દ્વારા આયોજિત કરાઈ.**

(I) ગંગા ઉત્સવની 7મી આવૃત્તિ, ૨૦૨૩માં નવી દિલ્લીમાં આયોજિત કરવામાં આવી. [૨૦૦૮થી ગંગા ભારતની રાષ્ટ્રીય નદી.]

(II) જલ શક્તિ મંત્રાલયના સચિવ દેવાશ્રી મુખર્જીએ NMCGના મહાનિર્દેશક જી. અશોક કુમારની ઉપસ્થિતિમાં તેનું ઉદ્ઘાટન કર્યું.

(III) ગંગા નદીમાં ખરાબ પાણીના પ્રવાહને રોકવા લગભગ 37 કરોડ રૂ.ની પરિયોજનાને મંજૂરી આપવામાં આવી છે. તથા ગંગા બેસિનમાં લગભગ 3000 મિલિયન લીટર દૈનિક ઉપચાર ક્ષમતા સ્થાપિત કરવામાં આવી.

(IV) આ સાથે નમામિ ગંગે પત્રિકાની 33મી આવૃત્તિનું અનાવરણ પણ કરવામાં આવ્યું અને ગંગા પુસ્તક પરિક્રમાની બીજી આવૃત્તિને લીલી ઝંડી અપાઈ.

(V) ગંગા પુસ્તક પરિક્રમા 7 નવે., ૨૦૨૩થી ગંગોત્રીથી 3 માસ સુધી ચાલનાર યાત્રા તરીકે શરૂ થશે અને ગંગા નદીના કિનારે સ્થિત તમામ શહેરોમાં થઈ 11 જાન્યુઆરી, ૨૦૨૪એ ગંગાસાગર ખાતે સમાપ્ત થશે. આ સમાપન પંડિત સિદ્ધાર્થ બેનર્જીના કથ્થક સંગીતની પ્રસ્તુતિ સાથે ૨૦૨૩માં થયું હતું.

Current Affairs By C.H.Shingala GPSC

## [*] 7 નવેમ્બર- 2023 [*]

**[*] નૌસેનાના પેટ્રોલિંગ વિમાન- IL-38 SD ને વિદાય અપાઈ.**

(I) રાષ્ટ્ર માટે 46 વર્ષની સેવા બાદ ભારતીય નૌસેનાના ઈલ્યુશિન-38 C ટ્રીગર લોન્ગ રેન્જ મેરીટાઈમ પેટ્રોલ વિમાને વિદાય લીધી.

(II) આ માટે INS હંસા, ડાબોલિમમાં સેવામુક્તિ કાર્યક્રમ યોજાયો હતો.

(III) IL-38 1977માં સેવામાં જોડાયું અને 1983 સુધીમાં આ શ્રેણીના 5 વિમાનો ખરીદવામાં આવ્યા.

(IV) IL-38 એ વિશાળ હિંદ મહાસાગર ક્ષેત્રમાં તેની અદ્ભુત કાર્યક્ષમતા દર્શાવી હતી.

**[*] વિશ્વ ત્સુનામી જાગૃતતા દિવસ- 5 નવેમ્બર**

(I) ત્સુનામી બાબતે જાગૃતતા લાવવા માટે 2015માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ આ દિવસની શરૂઆત કરી હતી.

(II) 2004માં હિંદ મહાસાગરમાં આવેલી ત્સુનામી 100 વર્ષોમાં સૌથી ભયાનક હતી જેમાં 14 દેશો પ્રભાવિત થયા અને સૌથી વધુ થાઈલેન્ડ પ્રભાવિત થયું. અને સૌ પ્રથમવાર આ દિવસ 2016માં મનાવવામાં આવ્યો.

(III) ત્સુનામી એ જાપાની શબ્દ છે જેનો અર્થ 'દરિયાઈ લહેર' થાય છે. જે એક વિક્ષોભ દ્વારા નિર્મિત વિશાળ પાણીની નીચેની તરંગોની એક શ્રૃંખલા છે.

(IV) વર્ષ 2023ની થીમ- લવચીક (Flexible) ભવિષ્ય માટે અસમાનતાથી લડવું.

**[*] PM ગરીબ કલ્યાણ અન્ન યોજના 5 વર્ષ લંબાવાઈ.**

(I) છત્તીસગઢના દુર્ગ જિલ્લામાં ચૂંટણી પ્રચાર દરમિયાન વડાપ્રધાને આ જાહેરાત કરી.

(II) સરકાર NFSA અને અન્ય કલ્યાણકારી યોજના પર ખાદ્ય સબસિડીમાં 2023માં 2 લાખ કરોડ ખર્ચ કરશે.

(III) આ યોજનામાં ગરીબ પરિવારને વ્યક્તિ દીઠ 5 કિલો ઘઉં/ચોખા અને 1 કિલો દાળ દર મહિને આપવામાં આવે છે.

Current Affairs By C.H.Shingala GPSC

**(*) કેરળ સરકારે બહુભાષી આઈટ્રીસાઈટ્સ લોન્ચ કરી.**

(I) કેરળ સરકારે ધાર્મિક પર્યટનને વેગ આપવા માટે આ સાઈટ લોન્ચ કરી.

(II) આ સાઈટ પર રાજ્યનો સમુદ્ર કિનારો તથા તમામ ધાર્મિક પર્યટન સ્થળો જોવા મળશે.

(III) આ સાઈટ પર પ્રસિદ્ધ સબરીમાલા મંદિરને કેન્દ્રીત કરાયું છે અને તે માટે હિન્દી, અંગ્રેજી, કન્નડ, તામિલ અને તેલુગુ સહિત વિભિન્ન ભાષાઓમાં માહિતી પુરી પાડશે.

**(*) સ્વીડનની સાબ (SAAB) ભારતની રક્ષા યોજનામાં 100% FDI મેળવનાર પ્રથમ વિદેશી કંપની બની.**

(I) હાલ ભારતમાં રક્ષા ક્ષેત્રમાં 74% પ્રત્યક્ષ વિદેશી રોકાણને મંજૂરી આપવામાં આવી છે. પરંતુ જરૂરિયાત અનુસાર તેમાં ફેરફારની પણ છૂટછાટ છે.

(II) SAAB એ Carl-Gustaf M4 સિસ્ટમની નવી પેઢી માટે એક નવી કંપની Saab FFV India ની સ્થાપના કરી હતી. અને તે ખભ્ભા પર રાખીને તાકી શકાય તેવા રોકેટનું પ્રથમવાર સ્વીડન બહાર ઉત્પાદન કરે છે.

(III) 2016માં ફ્રાંસીસી કંપની DCNS એ 100% FDI ની મંજૂરી માંગી હતી પરંતુ આવશ્યક કારણોસર અનુમતી અપાઈ ન હતી.

Current Affairs By C.H.Shingala
Crack GPSC

કરન્ટ અફેર્સ
Crack G GPSC
Daily કરન્ટ અફેર્સ PDF આપને
ટેલિગ્રામ ચેનલમાં મળશે.
/CrackGPSCapp

## * કેરળને ગ્લોબલ રિસ્પોન્સિબલ ટૂરિઝમ એવોર્ડ -૨૦૨૩

(I) ટકાઉ અને મહિલાઓના યોગદાનને વધારવાના કારણો સાથે આ એવોર્ડ અપાયો છે.

(II) આ પુરસ્કાર કેરળને 'બેસ્ટ ફોર લોકલ સોર્સિંગ - ક્રાફ્ટ એન્ડ ફૂડ' શ્રેણીમાં અપાયો.

(III) કેરળે રિસ્પોન્સિબલ ટૂરિઝમ મિશનને દ. આફ્રિકામાં આસ્વાતિની દેશ સાથે આ પુરસ્કાર જીત્યો. અને કેરળે બીજીવાર આ એવોર્ડ મેળવ્યો છે.

• ગ્લોબલ રિસ્પોન્સિબલ ટૂરિઝમ એવોર્ડ •

→ સ્થાપના રિસ્પોન્સિબલ ટૂરિઝમ પાર્ટનરશિપ અને ઈન્ટરનેશનલ સેંટર ફોર રિસ્પોન્સિબલ ટૂરિઝમ દ્વારા.

→ વિવિધ ૭ કેટેગરીમાં આપવામાં આવે છે.

Current Affairs By C.H Shingala

## * મહિલા જલ કે લીયે, જલ મહિલાઓ કે લિયે અભિયાન

(I) આવાસ અને શહેરી બાબતના મંત્રાલયે 'જળ દિવાળી' ઉત્સવ ઉજવણીના ભાગરૂપે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું. જેના માટે ઓડિશા અર્બન એકેડેમી 'નોલેજ પાર્ટનર' તરીકે કામ કરશે.

(II) આ અભિયાનમાં મહિલા સ્વયંસહાયતા જૂથોને જળ ઉપચાર કેન્દ્રોની મુલાકાત કરવાશે અને તેનાથી પાણીના યોગ્ય ઉપયોગ અને બિનજરૂરિ વેડફાટ બાબતે માહિતિ આપવામાં આવશે.

(III) ભારતમાં ૩૦૦૦થી વધુ જળઉપચાર યંત્રો છે જેનાથી 65,000 MLD થી વધુ પાણીને સંચાલિત કરવામાં આવે છે.

(IV) આ અભિયાન 5 આચારસંહિતા લાગૂ થયેલા રાજ્યો સિવાય તમામ રાજ્યોમાં ત્રણ દિવસ માટે 9 નવેમ્બર, ૨૦૨૩ સુધી ચલાવાશે.

# ✱ ૪ નવેમ્બર-૨૦૨૩ ✱

**✱ શ્રીલંકન ટીમના ઓલરાઉન્ડર એન્જેલો મેથ્યૂઝ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ટાઈમઆઉટ થનાર પ્રથમ ખેલાડી**

(I) બાંગ્લાદેશ સામેના વિશ્વ કપ ૨૦૨૩ માં આ ઘટના બની.

(II) મેથ્યૂઝ બેટિંગ કરતી વખતે તેમના હેલમેટનો પટ્ટો તૂટતા તે બદલવાની માંગ કરી એ સમયે બાંગ્લાદેશના કેપ્ટન શાકિબે તેમને આઉટ કરવાની માંગ કરી.

(III) ICC વર્લ્ડ કપના નિયમાનુસાર વિકેટ પડવા પર કે બેટ્સમેનના રિટાયર થયા બાદ આવનાર નવા બેટ્સમેને 2 મિનિટમાં રમત શરૂ કરી દેવી પડે. જો આમ ન થાય તો તે ટાઈમ આઉટ જાહેર થાય.

**✱ ચિલી આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનનું 95મું સભ્ય બન્યું.**

(I) વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ સાથે ચિલી રાજદૂત જુઆન આંગુલોએ આ દસ્તાવેજ પર સહી કરી.

(II) આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન ભારત અને ફ્રાંસ દ્વારા સહસ્થાપિત છે. જેની સ્થાપના 30 નવેમ્બર 2015 એ પેરિસ ફ્રાંસમાં કોપ21 માં ~~આ~~ થઈ હતી. આ એક આંતરસરકારી સંગઠન છે જેનું મુખ્યાલય ગુરુગ્રામ, હરિયાણામાં છે.

(III) હાલ 116 દેશો ISA ફ્રેમવર્ક સાથે જોડાયેલા છે. અને 95 દેશોએ સંપૂર્ણ સદસ્ય બનવાની પ્રક્રિયા માટે જરૂરિ દસ્તાવેજ આપેલા છે.

Current Affairs By C.H. Shingala

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

**(*) IIT-કાનપુર-દિલ્હી-NCRમાં વાયુ પ્રદૂષણ સામે લડવા કૃત્રિમ વરસાદનો ઉપયોગ કરવામાં આવશે.**

(I) ક્લાઉડ સીડિંગના માધ્યમથી વરસાદ વરસાવી હવાના પ્રદૂષક તત્વો અને ધૂળની સફાઈ કરવામાં આવશે. પરંતુ ક્લાઉડ સીડિંગ માટે અનેક અનુમતિ અને વિશેષ જલવાયુ પરિસ્થિતિ આવશ્યક હોય છે.

(II) IIT-કાનપુર 5 વર્ષોથી વધુના સમયથી કૃત્રિમ વરસાદની આવશ્યક સ્થિતિઓ સંશોધિત કરી રહ્યું છે જેમાં જુલાઈ-૨૦૨૩માં તેને સફળતા મળી.

(III) કૃત્રિમ વરસાદ માટે સિલ્વર આયોડાઈડ, પોટેશિયમ આયોડાઈડ અને સૂકા બરફ ($CO_{2(s)}$) નો ઉપયોગ થાય છે. આ ઉપરાંત લિક્વિડ પ્રોપેન તથા હાઈડ્રોસ્કોપિક સામગ્રી જેવી કે ટેબલ નમક પણ વપરાય છે.

Current Affairs By C.H.Shingala
GPSC

**(*) રાષ્ટ્રીય કેન્સર જાગૃતતા દિવસ- 7 નવેમ્બર**

(I) કેન્સરના નિદાન, ઉપચાર અને ત્વરિત ઈલાજ બાબતે જાગૃતતા લાવવા ૨૦૧૪થી ભારતમાં આ દિવસ મનાવાય છે.

(II) 7 નવેમ્બર મેડમ ક્યૂરીની જયંતિને નિર્દેશિત કરે છે. ભારતમાં દર વર્ષે 11 લાખ નવા કેન્સરના કેસ સામે આવે છે. જેમાંના 50% કેન્સર મોડાં ખબર પડવાનું મુખ્ય કારણ જાણકારીનો અભાવ, ડર છે.

(III) ભારતમાં 70% કેન્સર (40% તંબાકુ, ૨૦% સંક્રમણ, 10% અન્ય) સંભવિત રીતે રોકાય શકે એ પ્રકારે સામે આવે છે.

→ યાદ રાખો: વિશ્વ કેન્સર દિવસ- 4 ફેબ્રુઆરી.

## [*] મુખ્ય માહિતી કમિશનર - હીરાલાલ સામરિયા

(I) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ હીરાલાલને શપથ લેવડાવ્યા. તેઓ હાલ કેન્દ્રીય સૂચના આયોગમાં માહિતી કમિશનર પદે હતા.

(II) હાલ માહિતી વિભાગમાં 2 કમિશનર છે. જ્યારે 8 જગ્યા ખાલી છે.

• કેન્દ્રીય સૂચના આયોગ •

▷ RTI અધિનિયમ અનુસાર, કેન્દ્રીય સ્તરે એક કેન્દ્રીય સૂચના આયોગ અને પ્રત્યેક રાજ્યમાં રાજ્ય સૂચના આયોગ રહેશે.

▷ દરેક આયોગમાં મુખ્ય માહિતી કમિશનર અને અન્ય કમિશનરો સહિત વધુમાં વધુ 11 સભ્ય હોય છે.

▷ મુખ્ય સૂચના કમિશનરની વય મર્યાદા 65 વર્ષની હોય અને તેમની નિમણૂંક રાષ્ટ્રપતિ દ્વારા વડાપ્રધાન, લોકસભાના વિપક્ષના નેતા અને વડાપ્રધાન દ્વારા નામિત એક કેન્દ્રીય કેબિનેટ મંત્રીની સમિતિની ભલામણથી થાય છે.

## [*] રક્ષા મંત્રાલયે મહિલા સૈનિક, નાવિકો અને વાયુ સૈનિકોને સમાન માતૃત્વ અને શિશુ દેખરેખ માટેની રજાને સ્વીકૃતિ આપી.

(I) રક્ષા મંત્રી રાજનાથ સિંહે આ પ્રસ્તાવને મંજૂરી આપી. અને આ રજા તમામ મહિલાઓ માટે લાગૂ પડશે ભલે તે અધિકારી હોય કે અન્ય રેન્કમાં.

(II) વર્તમાનમાં ત્રણેય સેવાઓમાં મહિલા અધિકારી 180 દિવસના માતૃત્વ અવકાશ માટે પાત્ર છે. આ નિયમ મુજબ દત્તક બાળક લેનાર (1 વર્ષ કે તેનાથી નાની ઉંમરનું) માતાને પણ 180 દિવસની રજા મળશે.

(III) સ્થાયી કમિશન મહિલા અધિકારી 360 દિવસ તથા શોર્ટ સર્વિસ કમિશન મહિલા અધિકારી 180 દિવસની રજા માટે પાત્ર છે.

Current Affairs By C.H.Shingala GPSC

**(*) મુંદ્રા 16.1 મિલિયન ટન સામાન સંભાળનાર ભારતનું પ્રથમ પોર્ટ બન્યું.**

(I) ભારતના કોઈ બંદરે અત્યાર સુધીની સૌથી વધુ માત્રાની સામાન હેરફેરમાં અદાણી પોર્ટ મુંદ્રાએ રેકોર્ડ બનાવ્યો.

(II) વાર્ષિક 9% ની વૃદ્ધિ સાથે 102 MMT કાર્ગો સાથે કાર્ગો હેન્ડલિંગની બાબતમાં મુંદ્રા પ્રથમ રહ્યું. અને મુંદ્રા બંદરે કન્ટેનર, લિક્વિડ પદાર્થ અને ગેસની આયાતમાં પણ વધારો નોંધાયો.

(III) પોર્ટે તેના પોર્ટફોલિયોમાં હાઈડ્રોલિસિસ પાઈ ગેસ (HPG) જેવા નવા કાર્ગો પણ ઉમેર્યા. બંદર પર 2023માં 2450થી વધુ જહાજો લાંગરવામાં આવ્યા.

**(*) ભારત-કોરિયા બિઝનેસ પાર્ટનરશિપ ફોરમ-6ઠ્ઠી આવૃત્તિ.**

(I) આ છઠ્ઠી આવૃત્તિનું આયોજન નવી દિલ્લી ખાતે ભારત-કોરિયાના રાજનૈતિક સંબંધોની 50 વર્ષની ઉજવણીનો એક ભાગ છે.

(II) કાર્યક્રમને ઉદ્યોગ સંવર્ધન અને આંતરિક વ્યાપાર વિભાગના સચિવ રાજેશ કુમાર સિંહે સંબોધિત કર્યું.

(III) બંને દેશોના 2030 સુધીમાં રોકાણ વધીને 50 અરબ ડોલર થવાની આશા દર્શાવી છે.

(IV) 2022માં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર 27.8 બિલિયન અમેરિકી ડોલરે પહોંચ્યો.

(V) ભારત-કોરિયા ગણરાજ્ય વચ્ચે 10 ડિસેમ્બર, 1973એ રાજનૈતિક સંબંધો સ્થપાયા હતા.

Current Affairs By C.H.Shingala
CRACK GPSC

એક એપ બધી પરીક્ષાઓ
સરકારી નોકરી ની તૈયારી કરો
RFO | TAT | TET | HTAT
ગુજરાતની નં. 1 એપ સાથે
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy.SO/મામલતદાર - બિનસચિવાલય કલર્ક - તલાટી - કોન્સ્ટેબલ
76000 51070

# [*] 1 નવેમ્બર- 2023 [*]

## [*] અબુઆ બીર દિશોમ અભિયાન - ઝારખંડ

(I) ઝારખંડના CM હેમંત સોરેને વન અધિકાર પટ્ટા આપવા માટેની પ્રક્રિયાને ઝડપી બનાવવા આ અભિયાન શરૂ કર્યું. જેમાં દરેક પંચાયતમાં આદિવાસીઓ અને અન્ય પરંપરાગત વન નિવાસીઓને 10,000 સામુહિક ગામોમાં વન અધિકાર ટાઈટલ અપાશે.

(II) વન અધિકાર અધિનિયમ, 2006 ને 2008માં લાગુ કરાયા બાદ હાલ સુધીમાં 60,000 ટાઈટલ અપાયા છે. જેને આવનારા સમયમાં 15 લાખ આદિવાસીઓ અને અન્ય વન આશ્રિત પરિવારો સુધી લંબાવાશે.

## [*] ઉત્તર પ્રદેશ સરકાર રાજ્યભરમાં ગાયોની ગણતરી કરશે

(I) આ ગણતરી ત્રણ શ્રેણીમાં કરવામાં આવશે. (1) ગૌપાલકો પાસે રહેલી, (2) રસ્તાઓ પર છોડી દેવાયેલી અને (3) કાન્હા ઉપવનમાં સ્થિત.

(II) ગણતરી થયા બાદ સરકાર ગાયો માટે આવાસ ઉપલબ્ધ કરાવવા માટેની યોજના પણ બનાવશે અને સાથે સાથે ગાયોની નોંધણી માટે જીયો Tag પણ ઉપયોગ કરશે.

(III) હાલ UP માં 6889 નિરાશ્રિત પશુ પ્રજનન સ્થળોમાં 11.85 લાખ ગાય રક્ષિત છે.

Current Affairs By C.H. Shingala GPSC

## [*] સ્વચ્છ દિવાળી શુભ દિવાળી અભિયાન

(I) આવાસ અને શહેરી કાર્ય મંત્રાલયે આ અભિયાન શરૂ કર્યું. જે સ્વચ્છ અને પર્યાવરણ અનુકૂળ ઉત્સવ ઉજવવા પર ભાર આપશે.

(II) આ અભિયાન લોકોને સ્થાનિક સ્તરે ઉત્પાદિત સામાન ખરીદવા માટે પ્રોત્સાહિત કરશે.

(III) અભિયાનમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ પરના પ્રતિબંધને પણ પ્રાધાન્ય આપવામાં આવશે.

## (*) ગ્લોબલ TB રિપોર્ટ- WHO

(I) WHOના આ રિપોર્ટ અનુસાર ૨૦૨૨માં TB થી પીડિત નવા લોકોની સંખ્યા 7.5 મિલિયન રહી.

(II) WHOએ ૨૦૨૫ સુધીમાં દુનિયામાંથી 50% TB સમાપ્ત કરવાની કલ્પના જાહેર કરી હતી પરંતુ આ રિપોર્ટ અનુસાર તે લક્ષ્યાંક પ્રાપ્ત થાય એવી સંભાવના જોવા મળતી નથી.

(III) ભારત, ઈન્ડોનેશિયા અને ફિલિપાઈન્સ સામૂહિક રીતે ૨૦૨૦ અને ૨૦૨૧માં TB થી પીડિત નવા લોકોની સંખ્યામાં લગભગ 60% ઘટાડા માટે જવાબદાર હતા.

(IV) TB- ટ્યૂબર ક્યુલોસીસ

## (*) ભારત, અમેરિકાના સિએટલમાં નવું વાણિજ્ય દૂતાવાસ શરૂ કરશે.

(I) જાહેરાત થયાના 7 વર્ષ બાદ આ દૂતાવાસ શરૂ થશે. જેમાં <u>પ્રકાશ ગુપ્તા</u> સિએટલમાં મહાવાણિજ્ય દૂત તરીકે રહેશે.

(II) USAએ <u>અમદાવાદ</u> અને <u>બેંગલુરુ</u>માં તેના વાણિજ્ય દૂતાવાસ શરૂ કરવા માટેની પ્રક્રિયા શરૂ કરી છે. હાલ અમેરિકી વાણિજ્ય દૂતાવાસ ચેન્નઈ, હૈદરાબાદ, કોલકાતા અને મુંબઈમાં શરૂ છે.

(III) એમેઝોન, માઈક્રોસોફ્ટ, બોઈંગ અને અન્ય મોટી ટેકની કંપનીઓ ગ્રેટર સિએટલમાં સ્થિત છે. તથા સિએટલ- ટેકોમા- બેલેવ્યૂ મહાનગરીય ક્ષેત્ર અમેરિકામાં છઠ્ઠા સ્થાને ભારતીય- અમેરિકી વસ્તી ધરાવે છે.

## (*) ભારતીય મહિલા હોકી ટીમે મહિલા એશિયાઈ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૩ જીતી.

(I) રાંચી ખાતે ભારતે જાપાનને 4-0થી હાર આપી. અને ૨૦૧૬માં સિંગાપુરમાં આ ખિતાબ મેળવ્યા બાદ ફરીથી બીજીવાર આ જીત મેળવી.

(II) ભારત તરફથી ગોલ કરનાર - સંગીતા કુમારી, નેહા ગોયલ, લાલરેમ્સિયામી, વંદના કટારિયા.

(III) ૨૦૨૩માં આ ચેમ્પિયનશિપની સાતમી આવૃત્તિ હતી.

**(*) રાજ્યપાલ દ્વારા વિધાનસભાએ પસાર કરેલ ખરડાને મંજૂરી કરવામાં થતા વિલંબ માટે સુપ્રીમકોર્ટે ટકોર કરી.**

(I) સુપ્રીમ કોર્ટે રાજ્યપાલ બનવારીલાલ પુરોહિતના વિધેયકને મંજૂરી આપવામાં થયેલા વિલંબ સામે પંજાબ સરકારે અરજી કરેલ બાબત પર SC એ ટકોર કરી.

(II) SCના મતે રાજ્યપાલએ ચૂંટાયેલ સભ્ય નથી જેનાથી તેણે આ પ્રકારે વિલંબ કરવો જોઈએ નહિ. આ સાથે ખંડપીઠે કેરલ અને તમિલનાડુના રાજ્યપાલને પણ આ જ બાબતે ટકોર કરી છે.

(III) બનવારી લાલે પંજાબ રાજકોષીય ઉત્તરદાયિત્વ અને બજેટ (સંશોધન) વિધેયક, ૨૦૨૩, પંજાબ માલ અને સેવા કર (સંશોધન) વિધેયક, ૨૦૨૩ અને ભારતીય સ્ટેમ્પ (પંજાબ સંશોધન) વિધેયક, ૨૦૨૩ની મંજૂરી અટકાવી છે.

(IV) આમ આદમી પાર્ટીની સરકારના ૨૭ ખરડાઓમાંથી ૨૨ ને રાજ્યપાલે મંજૂરી આપી છે.

(V) બંધારણીય કલમ-૨૦૦ રાજ્યપાલને ખરડાને મંજૂર કરવાની રોકી રાખવાની કે રા.પતિના વિચારાર્થે આરક્ષિત રાખવાની મંજૂરી આપે છે.

Current Affairs By C.H.Shingala GPSC

**(*) ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યોરન્સ ગિફ્ટ સિટી IFSCA માં રજીસ્ટર થનાર પ્રથમ જીવન વિમા કંપની બની.**

(I) આ કંપનીને ઓગસ્ટ ૨૦૨૩માં ભારતીય વીમા નિયમન અને વિકાસ પ્રાધિકરણની મંજૂરી મળી અને સપ્ટેમ્બર ૨૦૨૩માં આંતરરાષ્ટ્રીય વિત્ત સેવા કેન્દ્ર પ્રાધિકરણમાં રજીસ્ટ્રેશન થયું.

(II) આ રજીસ્ટ્રેશનથી સંસ્થા ભારત બહાર પણ તેનું ક્ષેત્ર વિકસાવી શકશે.

(III) બેંક ઓફ બરોડા, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને વારબર્ગ પિંકસના સ્વામિત્વવાળી કાર્મેલ પોઈન્ટ ઈન્વેસ્ટમેન્ટ્સ ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યોરન્સની પ્રમોટર છે. જેમની પાસે 65%, 9% અને 26% હિસ્સેદારી છે.

# [*] 10 નવેમ્બર- 2023 [*]

## [*] રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ- 9 નવેમ્બર

(I) 1995માં કાનૂની સેવા અધિનિયમની વર્ષગાંઠનું પ્રતીક 9 નવેમ્બર છે. આ દિવસ ગરીબ અને વંચિત લોકોને કાનૂની સહાયતા આપવા માટેના લાભો માટે મનાવાય છે.

(II) વર્ષ 2023ની થીમ- 'તમામ માટે ન્યાય સુધી પહોંચવું: કાનૂની જાગૃતતા માટે મધ્યમ અને નબળા લોકોને સશક્ત બનાવવા." આ વિષય કાનૂની સંસાધન અને જ્ઞાન સુધી પહોંચવાની બાબતને મહત્વ આપે છે.

## [*] ICC રેંકિંગમાં શુભમન ગિલ અને મોહમ્મદ સિરાજ ટોચે

(I) ICC એ જાહેર કરેલા રેંકિંગ મુજબ બાબર આઝમને પાછળ છોડી શુભમન વિશ્વનો નંબર 1 વનડે ક્રિકેટ ખેલાડી બન્યો.

(II) શુભમન 830નું રેટિંગ દર્શાવે છે જ્યારે બાબર 824 નું રેટિંગ દર્શાવે છે.

(III) એમ.એસ ધોની 38 રેન્ક પ્રાપ્ત કરનાર સૌથી ઝડપી ખેલાડી બન્યા હતા.

## [*] ભ્રષ્ટાચારના આરોપી પોર્ટુગલ પ્રધાનમંત્રી એંટોનિયો કોસ્ટાએ રાષ્ટ્રપતિને રાજીનામું આપ્યું.

(I) પોર્ટુગલ પ્રધાનમંત્રી એ તેમના ચીફ ઓફ સ્ટાફ વિટોર એસ્કારિયાની ગિરફ્તારી બાદ રાજીનામું આપ્યું.

(II) દેશભરમાં થયેલ તપાસમાં મંત્રી બેઠકો ગાલા ક્યાનો પણ દોષિત જાહેર કરાયા. અને ખાણકર્તા લિથિયમ ખનન કંપનિ- લુઓરેક્સોસ અને સવાના રિસોર્સિઝ સહિત ઉદ્યોગોમાં પણ તપાસ કરવામાં આવી.

(III) યુરોપ, પોર્ટુગલ લિથિયમનો સૌથી મોટો ઉત્પાદક છે જેનો ઉપયોગ ઈલેક્ટ્રિક કાર અને ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં થાય છે.

(IV) આ ઉપરાંત અન્ય એક 100 MW હાઈડ્રોજન ઉત્પાદન સ્ટેશનના નિર્માણ પર પણ તપાસ કરવામાં આવી રહી છે.

Current Affairs By C.H.Shingala GPSC

(*) ક્વાક્વેરેલી સાઈમંડ્સ (QS)એ QS એશિયા યુનિવર્સિટી રેન્કિંગ ૨૦૨૫ જાહેર કર્યા.

(I) QS એશિયા યુનિ. રેન્કિંગમાં બે ભારતીય સંસ્થાઓ IIT બોમ્બે અને IIT દિલ્હી ટોચની 50ની યાદીમાં સ્થાન આવ્યું.

(II) IIT બોમ્બે એ ભારતમાં પ્રથમ અને એશિયામાં 40મું જ્યારે IIT દિલ્લીએ ભારતમાં બીજું અને એશિયામાં 46મો રેન્ક મેળવ્યા.

(III) આ રેન્કિંગમાં ચીનની પેકિંગ યુનિ.ની રેન્ક-1 માં સ્થાન મળ્યું. જ્યારે હોંગકોંગ યુનિ. બીજા અને નેશનલ યુનિ. ઓફ સિંગાપુર ત્રીજા સ્થાને છે.

(IV) નાનયાંગ ટેક્નોલોજિકલ યુનિ, સિંગાપુર અને સિંઘુઆ યુનિ, ચીન ચોથા સ્થાને છે.

(V) વર્ષ ૨૦૨૩માં QS એશિયા યુનિ. રેન્કિંગમાં 856 યુનિ.ઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(*) વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (UGC) એ વિદેશી વિશ્વવિદ્યાલય માટે ભારતમાં પરિસર સ્થાપિત કરવા અને સંચાલિત કરવા માટે નિયમ જાહેર કર્યા.

(I) નિયમ અનુસાર વિદેશી વિશ્વવિદ્યાલય ભારતમાં પરિસર સ્થાપિત કરવા માટે જરૂરિ માપદંડો પૂરા કરવા પડે છે.

(II) કેમ્પસ સ્થાપિત કરવા માટે વિશ્વવિદ્યાલયોએ પાઠ્યક્રમ માટે UGCની અગાઉથી મંજૂરી લેવી પડે છે. અને વૈશ્વિક રેન્કિંગમાં 500માં સ્થાન પ્રાપ્ત કરવું ફરજીયાત છે.

(III) ભારતમાં એક થી વધુ કેમ્પસ સ્થાપિત કરવા વિશ્વવિદ્યાલયે અલગ અલગ પરવાની લેવી પડશે.

(IV) ભારતમાં વિદેશી વિશ્વવિદ્યાલય પરિસરમાં ભર્તી માપદંડો તૈયાર કરવા તેમને સ્વાયત્તતા આપવામાં આવશે.

યાદ રાખો 🙂

જૂનાગઢ મુક્તિ દિવસ - 9 નવેમ્બર.
(જૂનાગઢ 9નવે.ના રોજ આઝાદ થયું અને સ્વતંત્ર ભારત સાથે જોડાયું હતું)

## * 11 નવેમ્બર-૨૦૨૩ *

*** ભારતીય સેના 2027 સુધીમાં ચીતા અને ચેતક હેલીકોપ્ટરોને ચરણબદ્ધ રીતે દૂર કરશે.**

(I) આર્મી એવિએશન કોર દ્વારા લગભગ 190 ચેતક, ચીતા અને ચીતલ હેલીકોપ્ટરનું સંચાલન કરે છે. અને 2027 સુધીમાં ચીતા અને ચેતકના સ્થાને લાઈટ યુટિલિટી હેલિકોપ્ટર ઉમેરાશે.

(II) સેના અંદાજે 100 લાઈટ યુટિલિટી હેલિકોપ્ટર મેળવશે. જેનું નિર્માણ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા કરાશે.

(III) આર્મી સેવા વિમાનન આધુનિકીકરણની શરૂઆત 2 દાયકા પહેલા મલ્ટી-એન્જિન ધ્રુવ હેલિકોપ્ટર સામેલ કરવાથી [illegible] થઈ હતી.

*** સરકારે 'ભારત આટા' લોન્ચ કર્યો.**

(I) સરકારે આ યોજના હેઠળ 27.50 રૂ. પ્રતિ કિલોગ્રામના સસ્તા ભાવે 'ભારત આટા' ઉપલબ્ધ કરવાની શરૂઆત કરી.

(II) આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના ગરીબ અને નબળા વર્ગના લોકોને સસ્તા ભાવે ઘઉંનો લોટ પહોંચાડવાનો છે.

(III) 'ભારત આટા' એક ફોર્ટિફાઈડ ઘઉં છે. જેમાં ઘઉં, ચોખા અને દાળના મિશ્રણથી લોટ બનાવવામાં આવશે. જે પ્રોટીન, આયર્ન અને અન્ય આવશ્યક પોષક તત્વો સમાવિષ્ટ છે.

(IV) ભારત આટાનું નિર્માણ સહકારી સમિતિઓ નાફેડ, NCCF અને કેન્દ્રીય ભંડારના માધ્યમથી કરાયું છે.

(V) 800 મોબાઈલ વેન અને 2000થી વધુ આઉટલેટના વ્યાપક નેટવર્ક સાથે સબસીડી યુક્ત આ લોટનું વિતરણ કરાશે.

Current Affairs By C.H.Shingala GPSC

## [*] સૈન્ય અભ્યાસ MARUMEX (મ્યાનમાર અને રશિયા)

(I) આંદામાન સાગરમાં પ્રથમવાર આયોજિત મ્યાનમાર-રશિયા સમુદ્રી સુરક્ષા અભ્યાસ MARUMEX હાલ સંપન્ન થયો.

(II) 5 નવે. ના શરૂ થયેલ આ અભ્યાસનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે નૌસૈનિક સહયોગ વધારવાનો છે.

(III) આ ઈવેન્ટમાં મ્યાનમારના સૈન્ય નેતા વરિષ્ઠ જનરલ મિન આંગ હ્લાઇંગ અને રશિયાઈ સેના પ્રમુખ એડમિરલ નિકોલાઈ યેવમેનોવ વચ્ચે બેઠક મળી હતી.

(IV) મ્યાનમાર અને રશિયા 2021 બાદથી ઘનિષ્ઠ સંબંધો ધરાવે છે અને રશિયા દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશોનો મુખ્ય હથિયાર આપૂર્તિકર્તા છે.

## [*] ભારતની સૌથી મોટી કોલ્ડ પ્રેસ સુવિધા.

(I) ભારત ઓર્ગેનિક્સ દ્વારા વુડ-પ્રેસ્ડ કોલ્ડ ઓઇલ પ્રોસેસિંગ સુવિધા રાજકોટ, ગુજરાત ખાતે શરૂ કરાશે.

(II) 16000 વર્ગ ફૂટમાં સ્થાપિત આ પ્લાન્ટ લાકડાની ઘાણીના ઉપયોગથી બીજને કૂચલીને તેલ ઉત્પાદિત કરશે.

(III) આ પ્લાન્ટ મગફળી, નારિયેળ, તલ, સરસવ, એરંડા, સૂરજમુખી વગેરેનું તેલ ઉત્પાદિત થશે.

(IV) ભારત ઓર્ગેનિક્સના સહસંસ્થાપક મનીષ પોપટના નિવેદન અનુસાર આવનારા સમયની માંગને ધ્યાને રાખતા પ્લાન્ટને વધુ વિસ્તારિત કરવામાં આવશે.

(V) ભારત ઓર્ગેનિક્સ એક વુડ-પ્રેસ્ડ ખાદ્ય તેલ (B2C) કંપની છે જે તેના શુદ્ધ, રસાયણ મુક્ત અને પ્રાકૃતિક રૂપથી નિર્મિત પ્રોડક્ટ માટે પ્રખ્યાત છે.

Current Affairs By C.H.Shingala

## [*] રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ

(I) રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ દર વર્ષે ધન્વંતરી જયંતી અથવા ધનતેરસ (આસો વદ તેરસ)ના દિવસે મનાવાય છે.

(II) આ વર્ષે આયુર્વેદ દિવસની થીમ - 'આયુર્વેદ ફોર વન હેલ્થ' છે. જેની ટેગલાઈન 'દરેક દિવસ દરેક માટે આયુર્વેદ' છે.

(III) આ દિવસની શરૂઆત 2016માં થઈ જેનો ઉદ્દેશ્ય આયુર્વેદને વેગ આપવાનો છે.

(IV) આયુર્વેદ શબ્દનો અર્થ 'જીવનનું જ્ઞાન' થાય છે જેમાં બે સંસ્કૃત શબ્દ 'આયુ' અર્થાત જીવન અને 'વેદ' અર્થાત જ્ઞાન અથવા વિજ્ઞાન થાય છે.

## [*] ભારત ઓર્ગેનિક્સ

(I) નેશનલ કો ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડનું 'ભારત ઓર્ગેનિક્સ' બ્રાન્ડ સહકારિતા મંત્રી અમિત શાહે લોન્ચ કર્યું.

(II) તેમણે નવી દિલ્હીમાં NCOL દ્વારા સહકારી સમિતિના માધ્યમથી જૈવિક ઉત્પાદનોને વેગ આપવા માટે એક એક સંગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું.

(III) NCOL ભારતમાં 6 જૈવિક ઉત્પાદન વેચશે જેમાં અરહરની દાળ, ચણાદાળ, ખાંડ, રાજમાં, બાસમતી ચોખા અને સોનામસૂરી ચોખાનો સમાવેશ થાય છે.

(IV) આ ઉત્પાદનોને મધર ડેરીના આઉટલેટ્સ અને ઓનલાઈન પ્લેટફોર્મ પર વેચવામાં આવશે.

(V) NCOL નું મુખ્યાલય ગુજરાતમાં છે. અને NDDB તેનું મુખ્ય કાર્યકર્તા છે. તેની સ્થાપના બહુ રાજ્ય સહકારી સમિતિ અધિનિયમ, 2002 હેઠળ થઈ હતી.

(VI) પ્રમાણિત જૈવિક ખેતી ભારતમાં 27 લાખ હેક્ટર જમીનમાં થાય છે. જેમાં MP, ઉત્તરાખંડ, ગોવા, મહારાષ્ટ્ર, ગુજરાત અને ઉત્તરપૂર્વનાં અનેક રાજ્યો સમાવિષ્ટ છે.

Current Affairs By C.H.Shingala

# (*) 12 નવેમ્બર, ૨૦૨૩ (*)

## (*) સૈન્ય અભ્યાસ - બોંગોસાગર - ૨૦૨૩

(I) ભારતીય નૌસેના અને બાંગ્લાદેશ નૌસેના વચ્ચે ઉત્તરી બંગાળની ખાડીમાં આ અભ્યાસ આયોજિત થયો. જે ખાડીમાં કોર્ડિનેટેડ પેટ્રોલ (કારપેટ) ની પાંચમી આવૃતિનો એક ભાગ હતું.

(II) ભારતીય નૌસેનાના જહાજ કુઠાર, કિલ્ટાન અને સમુદ્રી સુરક્ષા વિમાન ડોર્નિયરે અભ્યાસમાં ભાગ લીધો. જ્યારે બાંગ્લાદેશ તરફથી જહાજ અબૂ બક્ર, અબૂ ઉબૈદાહ અને સમુદ્રી સુરક્ષા વિમાને ભાગ લીધો.

(III) INS કુઠાર એક સ્વદેશી નિર્મિત ગાઈડેડ મિસાઈલ છે જ્યારે INS કિલ્ટાન સ્વદેશી નિર્મિત સબમરીન છે.

Current Affairs By C.R. Shingala GPSC

## (*) ભારે ઉદ્યોગ મંત્રાલયની 'વાર્ષિક ક્ષમતા નિર્માણ યોજના'

(I) કેન્દ્રીય મંત્રી ડૉ. મહેન્દ્રનાથ પાંડેએ મંત્રાલયની ક્ષમતા નિર્માણ માટેની રૂપરેખા સમક્ષ આ યોજના લોન્ચ કરી.

(II) આ યોજનાનો ઉદ્દેશ્ય વધુમાં વધુ ઉત્પાદનક્ષમતાને તમામ સ્તરોએ વધારવાનો તથા પ્રધાનમંત્રીના મિશન કર્મયોગીના દ્રષ્ટિકોણને સમર્થન આપવાનો છે.

(III) આ સાથે ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિ. એ 'Bhel સંવાદ 3.0'નું પણ સફળતાપૂર્વક આયોજન કર્યુ. અને તેની સ્વદેશીકરણીય પ્રયાસોની મંત્રી પાંડેએ સરાહના પણ કરી.

**[*] જાપાનમાંથી નવો દ્વીપ - ઈવો જીમા મળી આવ્યો.**

(I) ટોક્યોથી 1200 km (745 માઈલ) દક્ષિણમાં સમુદ્રની અંદર જ્વાળામુખી વિસ્ફોટ બાદ એક નવો દ્વીપ બન્યો.

(II) આ નવો દ્વીપ ઓક્ટોબરમાં ઈવોટો દ્વીપ પાસે શરૂ થયેલ વિસ્ફોટોની શૃંખલા બાદ ઉભરી આવ્યો જેનો વ્યાસ લગભગ 100 મીટર છે.

(III) ટોક્યો યુનિવર્સિટીના ભૂકંપ અનુસંધાન સંસ્થાનના પ્રોફેસર ફુકાશી માએનોએ આ વિસ્ફોટને ફ્રીટોમેગ્મેટિક વિસ્ફોટ દર્શાવ્યો જે મેગ્માના પાણી સાથેના સંપર્કના પરિણામ સ્વરૂપ થનાર એક વિસ્ફોટ છે

(IV) ઈવોટો દ્વીપ નજીક સ્થિત આ દ્વીપ અગાઉ ઈવો જીમા નામથી ઓળખાતો હતો.

(V) આ દ્વીપ રાખ અને પથ્થરના ટુકડાઓથી બનેલો છે જે સતત મોજાની લહેરોના માર સામે ટકી ન શકે. અને આ દ્વીપનું નિર્માણ મૈગ્મેટિક ગતિવિધિના પુનરાવર્તનનું પ્રમાણ આપે છે

(VI) હાલ થઈ રહેલ વિસ્ફોટ જો શરૂ રહેશે તો આવનાર સમયમાં આ દ્વીપનું કદ વિસ્તરણ પામી શકે છે.

**[*] ICC એ શ્રીલંકા ક્રિકેટને દૂર કરી**

(I) ICC એ શ્રીલંકાના ક્રિકેટ બોર્ડને ચલાવવામાં સરકારી હસ્તક્ષેપ માટે તેની સદસ્યતા રદ કરી.

(II) ICC ના નિયમ અનુસાર ક્રિકેટ બોર્ડના શાસન, વિનિયમનમાં કોઈ પણ સરકારી હસ્તક્ષેપ હોવો જોઈએ નહિ. ત્યારે શ્રીલંકાઈ સંસદે શ્રીલંકાની ક્રિકેટ સંસ્થાને પક્ષ અને વિપક્ષના સમર્થનથી બરખાસ્ત કરવાનો પ્રસ્તાવ મંજૂર કર્યો હતો.

(III) ભારતમાં ચાલી રહેલ વિશ્વ કપમાં શ્રીલંકાઈ ટીમના નિરાશાજનક પ્રદર્શન બાદ સંસદે તેના બરખાસ્ત પ્રસ્તાવને મંજૂર કર્યો હતો.

Current Affairs By C.H.Shingala GPSC

**(*) સરકારે વિકલાંગ કર્જદારોને વ્યાજદરમાં 1% છૂટ આપી.**

(I) સરકારે સમય પર ભરપાઈ કરવા માટે રાષ્ટ્રીય વિકલાંગ વિત્ત અને વિકાસ નિગમ ઋણ અંતર્ગત આ છૂટની જાહેરાત કરી.

(II) સરકારે વિત્તીય સમાવેશ અને તેના સહયોગને વેગ આપવા તથા વિકલાંગ વ્યક્તિઓ વચ્ચે આર્થિક સશક્તિકરણને વધારવા આ નિર્ણય કર્યો.

(III) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગના સચિવ રાજેશ અગ્રવાલે 4 દિવ્યાંગ લાભાર્થીઓને ચેક પણ અર્પણ કર્યા.

**• રાષ્ટ્રીય વિકલાંગ વિત્ત અને વિકાસ નિગમ •**

▷ તેની સ્થાપના જાન્યુઆરી 1997 માં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય અંતર્ગત થઈ હતી.

▷ આ સંસ્થા વિકલાંગ વ્યક્તિના વ્યાપક આવક ગતિવિધિ માટે નાણાકીય સહાય આપે છે.

Current Affairs By C.H.Shingala GPSC

**(*) ઉડ્ડયન પ્રશિક્ષણ માટે સમજૂતી.**

(I) કેન્દ્રીય કૌશલ વિકાસ મંત્રાલય અને ડસોલ્ટ એરક્રાફ્ટ સર્વિસિઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે આ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા.

(II) કેન્દ્રીય કૌશલ વિકાસ મંત્રાલય કૌશલ્ય ગુણવત્તા વધારવા અને નવા પાઠ્યક્રમો- માં ઉચ્ચ સ્તરીય કૌશલ્ય આપવા IIS ની સ્થાપના કરશે.

(III) મંત્રાલયે કમ્પ્યૂટર પર શિક્ષણ આપવા માટે HAL સાથે કરારો કર્યા તથા IIT કાનપુર સાથે પાઠ્યક્રમ તૈયાર કરવા માટે કરારો કર્યા.

# * 13 નવેમ્બર- ૨૦૨૩ *

## * મિટ્ટી કાફે - સુપ્રીમ કોર્ટના પરીસરમાં શરૂ થયું.

(I) CJI ડી.વાય. ચંદ્રચુડે તેનું ઉદ્દઘાટન કર્યું.
(II) મિટ્ટી કાફેનું સંચાલન દિવ્યાંગ વ્યક્તિ દ્વારા થશે. અને દેશના વિભિન્ન ભાગોમાં તેના ૩૪ આઉટલેટ બનાવાયા છે.
(III) કાફેના ઉદ્દઘાટન સમયે સાંકેતિક ભાષામાં રાષ્ટ્રગાન પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.
(IV) આ કાફે દ્વારા કોવિડ-19 દરમિયાન 6 મિલિયનથી વધુ લોકોને ભોજન પીરસવામાં આવ્યું હતું.

## * રાષ્ટ્રીય શિક્ષા દિવસ- 11 નવેમ્બર

(I) આઝાદ સ્વતંત્ર ભારતના પ્રથમ શિક્ષા મંત્રી મૌલાના અબુલ કલામ આઝાદની જયંતીના ભાગ રૂપે ૨૦૦૮થી દર વર્ષે આ દિવસ મનાવાય છે.
(II) તેઓએ 15 ઓગસ્ટ, 1947થી 2 ફેબ્રુઆરી, 1958 સુધી શિક્ષા મંત્રી તરીકે કામ કર્યું અને IIT ખડગપુરની સ્થાપના કરી હતી.
(III) તેમને 1992માં મરણોપરાંત ભારત રત્ન અપાયો હતો.

## * સમાન નાગરિક ધારો લાગૂ કરનાર ઉતરાખંડ પ્રથમ રાજ્ય બન્યું.

(I) ઉતરાખંડ સરકારે વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવી આ અધિનિયમ પસાર કરાવ્યો.
(II) સમાન નાગરિક ધારાનો ઉલ્લેખ બંધારણના અનુચ્છેદ-44માં કરવામાં આવ્યા છે જે ~~લગ્ન~~ વિવાહ, છૂટાછેડા, જમીન જયદાદ, દતક વિધાન જેવી બાબતોમાં અલગ અલગ ધર્મના અલગ અલગ નીતિ નિયમો સામે એક સમાન નિયમો આપે છે.
(III) 1985માં SC એ આ પ્રકારનો કાયદો સંસદ દ્વારા પારિત કરવા અંગે ઉલ્લેખ કર્યો હતો. ગુજરાત ૨૦૨૪ લોકસભા ચૂંટણી અગાઉ આ કાયદો લાગૂ કરી શકે તેવી સંભાવના છે.

(*) ગૃહ મંત્રાલયે ૯ મૈતી ઉગ્રપંથી સંગઠનોને 5 વર્ષ માટે ગેરકાનૂની જાહેર કર્યા.

(I) મણિપુરમાં સક્રિય આ સંગઠનોને ભારતની સંપ્રભુતા અને અખંડિતતા માટે જોખમી ગણી ગેરકાનૂની જાહેર કરાયા.

• પ્રતિબંધિત સંગઠનો •

(1) પીપલ્સ લિબરેશન આર્મી અને તેમની શાખા
(2) રિવોલ્યૂશનરી પીપલ્સ ફ્રંટ (RPF)
(3) યૂનાઈટેડ નેશનલ લિબરેશન ફ્રંટ અને તેની સશસ્ત્ર શાખા
(4) મણિપુર પીપલ્સ આર્મી (MPA)
(5) પીપલ્સ રિવોલ્યૂશનરી પાર્ટી ઓફ કાંગલીપેક અને તેની સશસ્ત્ર શાખા
(6) કાંગલીપેક કમ્યુનિસ્ટ પાર્ટી અને તેની સશસ્ત્ર શાખા
(7) કાંગલી યવોલ કન્ના લુપ
(8) કો-ઓર્ડિનેશન કમીટી (કોરકોમ)
(9) એલાયન્સ ફોર સોશિયલિસ્ટ યુનિટી કાંગલીપેક (ASUK)

Current Affairs By CH Shingala



(*) 14 નવેમ્બર- 2023 (*)

(*) 14 કલાકમાં 800 ભૂકંપ બાદ આઈસલેન્ડે ઈમરજન્સી જાહેર કરી.

(I) ફગ્રાડસ્લસફ્જાલ જ્વાળામુખી નજીક આ ભૂકંપ આવ્યા. જેના કારણે બ્લૂ લગૂન સ્થળ બંધ કરવામાં આવ્યુ.

(II) આઈસલેન્ડ આબોહવા કાર્યાલય અનુસાર આવનારા સમયમાં આઈસલેન્ડમાં જ્વાળામુખી વિસ્ફોટ થવાની સંભાવનાઓ પણ છે.

(III) આઈસલેન્ડ દુનિયાનું સૌથી સક્રિય ભૂકંપીય ક્ષેત્રમાંનુ એક છે જ્યાં લગભગ 30 સક્રિય જ્વાળામુખી પણ રહેલા છે.

(IV) આઈસલેન્ડ યૂરેશિયન અને ઉત્તરી અમેરિકી ટેક્ટોનિક પ્લેટને અલગ કરે છે તથા તે દુનિયાની સૌથી લાંબી પર્વત શૃંખલા છે.

(*) અયોધ્યામાં 22 લાખ દીવડાથી ગિનીસ રેકોર્ડ બનાવાયો.

(I) ઉ.પ્રદેશ સરકારે અયોધ્યામાં 22 લાખ દિવડાઓ દીવાળીના અવસરે પ્રગટાવી નવો વિશ્વ વિક્રમ બનાવ્યો.

(II) 2017માં 51,000, 2022માં 17 લાખ દીવાઓ પ્રકટાવાયા હતા.

(III) ઉ.પ્રદેશ સરકારે સંપૂર્ણ આયોજન લાગૂ કરવા માટે 25,000 કર્મચારીઓ નિયુક્ત કર્યા હતા.

(*) ડેવિડ કેમરૂન - બ્રિટનના વિદેશ સચિવ નિયુક્ત થયા.

(I) બ્રિટનના પૂર્વ પ્રધાન મંત્રી ડેવિડ કેમરૂનને વિદેશ સચિવ બનાવાયા હતા. અને તેઓ પૂર્વ સચિવ જેમ્સ ક્લેવરલીનુ સ્થાન લેશે.

(II) હાલ કેમરૂને ઈંગ્લેન્ડના ઉત્તરમાં હાઈ-સ્પીડ રેલ-2 પરિયોજના-ને રદ કરવાના PM સુનકના નિર્ણયની આલોચના પણ કરી હતી.

(III) 2010 અને 2016 વચ્ચે PM તરીકે કેમરૂનનો કાર્યકાળ બ્રેક્ઝિટ જનમત સંગ્રહ માટે ઉલ્લેખનીય હતો. જેના માટે બ્રિટેને EU છોડ્યું હતુ.

Current Affairs By C.H.Shingala GPSC

**(*) વિશ્વ પશુ સ્વાસ્થ્ય સંગઠન (WOAH) ના એશિયા અને પ્રશાંત ક્ષેત્રીય આયોગનું 33મું સંમેલન નવી દિલ્હીમાં આયોજિત થયું.**

(I) આ સંમેલનમાં ક્ષેત્રીય અને આંતરરાષ્ટ્રીય સંગઠનોના વરિષ્ઠ અધિકારીઓ અને એ ક્ષેત્રના પશુ ચિકિત્સા સંગઠનો સહિત 36 દેશોના પ્રતિનિધિ ભાગ લેશે.

(II) સંમેલનનું ઉદ્ઘાટન અને અધ્યક્ષતા કેન્દ્રીય મંત્રી ડો. સંજીવ કુમાર બાલિયાને કરી હતી.

(III) વિશ્વ પશુ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર, 60% માનવ સંક્રમણ પ્રાણીમાંથી ઉદ્ભવે છે.

(IV) સરકાર ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત પશુ ચિકિત્સા સેવા આપવા મોબાઈલ પશુ ચિકિત્સા સુવિધા ઊભી કરશે.

**(*) વિશ્વ દયાળુતા દિવસ - 13 નવેમ્બર**

(I) દયાળુતાના કાર્યને પ્રોત્સાહિત કરવા તથા દેખભાળ કરનાર દુનિયા બનાવવામાં સહાનુભૂતિ, સમજણ અને સહયોગના મહત્વને યાદ કરવા આ દિવસ મનાવાય છે.

(II) આ દિવસની શરૂઆત 1998માં વિશ્વ દયાળુતા આંદોલનથી થઈ હતી. 1997માં ટોક્યોમાં આયોજિત એક સંમેલનમાં વિવિધ દેશોના પ્રતિનિધિઓએ સમાજમાં દયા અને કરુણા વિકસાવવા બાબતે ચર્ચાઓ કરી હતી.

(III) વર્ષ 2023ની થીમ - 'જ્યાં પણ સંભવ હોય દયાળુ બનો'

**યાદ રાખો** — ભારતમાં વિદેશી મુદ્રાભંડારમાં 4.672 બિલિયન અમેરિકી ડૉલરનો વધારો થયો.

Current Affairs By C.H Shingala GPSC

## [*] 15 નવેમ્બર- 2023 [*]

**[*] યુરોપમાં કેળાના પરીક્ષણ માટે પ્રથમ કન્ટેનરના નિકાસ માટે APIDA એ સુવિધા આપી.**

(I) ભારત વિશ્વમાં કેળાનો સૌથી મોટો ઉત્પાદક છે. એપીડાએ સમુદ્ર માર્ગે નેધરલેન્ડને કેળાનો પ્રથમ કન્ટેનર મોકલવા માટે સુવિધા આપી. જે મહારાષ્ટ્રના બારામતીથી રવાના થશે.

(II) આ પરિક્ષણ એપીડા રજીસ્ટર્ડ 'INI Farms' દ્વારા થશે. અને તેનાથી ભારતમાંથી કેળાની નિકાસને વેગ મળશે.

(III) પરીક્ષણ બાદ ભારત આવતા 5 વર્ષમાં એક અરબ અમેરિકી ડોલરથી વધુના મૂલ્યની નિકાસનો લક્ષ્યાંક ધરાવે છે.

(IV) ભારતીય કેળા મુખ્યત્વે ઈરાન, ઈરાક, UAE, ઓમાન, ઉઝબેકિસ્તાન, સાઉદી અરબ, નેપાળ, કતાર, કુવૈત, બહેરીન, અફઘાન, માલદિવમાં નિકાસ થાય છે. અને ભારત USA, રશિયા, જાપાન, જર્મની, ચીન, UK, ફ્રાંસ, નેધરલેન્ડ્સમાં કેળાની નિકાસનો માર્ગ શોધી રહ્યું છે.

(V) ભારતમાં આંધ્રપ્રદેશ સૌથી વધુ કેળાનું ઉત્પાદન કરે છે. ગુજરાતમાં ખેડા સૌથી વધુ કેળાનું ઉત્પાદન કરે છે

**[*] પરિવહન મંત્રાલયે આઠ પૈડાંના વાહનમાં અંતર્નિર્મિત ટક્કરની ચેતવણી માટેની સિસ્ટમ લગાવવાનો પ્રસ્તાવ આપ્યો.**

(I) પગપાળા ચાલનાર તથા સાયકલ ચાલકો સાથેના ટક્કરથી બચવા માટે વાહનોમાં ઈનબિલ્ટ 'મૂવિંગ ઓફ ઈન્ફોરમેશન સિસ્ટમ' (MOIS) લગાવવાનો પ્રસ્તાવ રખાયો.

(II) આ સિસ્ટમ માર્ગમાં રહેલ અડચણરૂપ પગપાળા ચાલનાર તથા સાયકલ ચાલકોની આગાઉથી જ ડ્રાઈવરને સૂચના આપશે અને સંભવિત ટક્કરથી બચી શકશે.

(III) ભારતનું રાજમાર્ગ મંત્રાલય 2024 સુધીમાં દુર્ઘટના અને તેનાથી થતા મોતના આંકડા અડધા કરવાનું લક્ષ્યાંક ધરાવે છે.

Current Affairs By C.J. Shingala

## (*) મિઝોરમમાંથી ગરોળીની નવી પ્રજાતિ મળી.

(I) વિજ્ઞાનિકોએ આ ગરોળીને 'સાઈરટોડૅક્ટાઈલસ વૅરૅંગટૅસિસ' નામ આપ્યું છે. જેનું સામાન્ય નામ 'વૅરેંગટે-બેંટ-ટૂડ ગેકો' છે.

(II) વિશ્વમાં ગરોળીની 335 પ્રજાતિ જોવા મળે છે. જેમાંથી 42 ભારતમાં મળે છે.

## (*) બિકાનેરવાલાના અધ્યક્ષ કેદારનાથ અગ્રવાલનું 86 વર્ષે નિધન

(I) કાકાજીના નામથી પ્રખ્યાત મિઠાઈ અને નાસ્તા બ્રાંડ બિકાનેર-વાલાના સ્થાપક કેદારનાથ અગ્રવાલની ભારતમાં 60 થી વધુ આઉટલેટ છે.

(II) ભારત ઉપરાંત અમેરિકા, ન્યૂઝીલેન્ડ, સિંગાપુર, નેપાળ અને સંયુક્ત આરબ અમીરાતમાં પણ આ પ્રોડક્ટનું વેચાણ થાય છે.

(III) પારિવારિક મીઠાઈની દુકાનની બિકાનેરથી શરૂઆત કરનાર કેદારનાથે પોતાની ઉદ્યમ યાત્રા દિલ્લીથી શરૂ કરી હતી અને 50ના દાયકામાં તેમના ભાઈઓ સાથે દિલ્લીમાં બિકાનેરવાલા તરીકે પોતાની બ્રાન્ડ શરૂ કરી.

## (*) ગ્લોબલ મીડિયા કોંગ્રેસની બીજી આવૃત્તી આબુ ધાબી ખાતે રાષ્ટ્રીય પ્રદર્શન કેન્દ્રમાં શરૂઆત થઈ.

(I) આ આયોજન અમીરાત સમાચાર એજન્સી દ્વારા સંયુક્ત અરબ અમીરાતના ઉપરાષ્ટ્રપતિ અને ઉપપ્રધાનમંત્રી શેખ મંસૂર બિન જાયદ અલ નાહયાનની હાજરીમાં થયું.

(II) આ ત્રિદિવસીય કાર્યક્રમમાં 257 બ્રાન્ડો એક સાથે મળશે. અને 172 દેશના પ્રતિભાગી મીડિયા નવાચારો, સ્થિરતા અને શિક્ષણ પર વિવિધ સંવાદમાં યોગદાન આપશે.

## (*) સુબ્રત રોયનું લાંબી બિમારી બાદ 75 વર્ષની ઉંમરે નિધન

(I) સુબ્રત રોય સહારા ગ્રૂપના સંસ્થાપક છે જેઓનું 14 નવે. 2023એ કાર્ડિયોરેસ્પિરેટરી અરેસ્ટના કારણે નિધન થયું.

(II) ટાઈમ પત્રિકાએ સહારા ઈન્ડિયાને ભારતીય રેલવે બાદ બીજું સૌથી મોટી સંસ્થા દર્શાવી હતી.

## (*) ઈગ્લા-એસ-એન્ટી-એરક્રાફ્ટ મિસાઈલ

(I) રશિયાએ ભારત સાથે હાથથી સંચાલિત આ મિસાઈલની આપૂર્તિ માટે એક સમજૂતી કરી.

(II) ઈગ્લા-એસ એક માનવ પોર્ટેબલ વાયુ રક્ષા પ્રણાલી છે જે કોઈ પણ વ્યક્તિ કે ચાલકદળ દ્વારા દુશ્મનના વિમાનને પાડવા સક્ષમ છે.

(III) ભારત વિશ્વનો સૌથી મોટો હથિયાર આયાતકાર છે અને રશિયા ભારતનો સૌથી મોટો હથિયાર આપૂર્તિકર્તા છે.

## (*) ICC હૉલ ઑફ ફેમ

(I) અરવિંદ ડી સાલ્વા, વિરેન્દ્ર સેહવાગ અને ભારતની મહિલા ટીમની પૂર્વ કેપ્ટન ડાયના એડુલજીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદના પ્રતિષ્ઠિત હૉલ ઑફ ફેમમાં સ્થાન અપાયું.

(II) એડુલજી ICC હૉલ ઑફ ફેમમાં સ્થાન પામનાર પ્રથમ મહિલા ભારતીય ક્રિકેટર છે.

(III) આ ખેલાડીઓને ૨૦૨૩ વનડે વિશ્વકપ સેમીફાયનલમાં વાનખેડે સ્ટેડિયમમાં સન્માન અપાશે.

(IV) ICC ક્રિકેટ હૉલ ઑફ ફેમ ક્રિકેટના લાંબા અને શાનદાર ઈતિહાસના દિગ્ગજોને ઉપલબ્ધિને માન્યતા આપવા માટે ૨૦૦૯ થી સ્થાન અપાય છે.

(V) ICC નું મુખ્યાલય દુબઈ, સંયુક્ત આરબ અમીરાતમાં છે અને તેના અધ્યક્ષ ગ્રેગ બાર્કલે છે.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

UP TO 40% OFF


## IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર




MRP. ~~496/-~~ Only @ 299/-




MRP. ~~380/-~~ Only @ 230/-




MRP. ~~380/-~~ Only @ 230/-




Coming...





MRP. ~~230/-~~ Only @ 170/-

## કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ




MRP. ~~270/-~~ Only @ 162/-




MRP. ~~150/-~~ Only @ 99/-




MRP. ~~385/-~~ Only @ 235/-




MRP. ~~280/-~~ Only @ 168/-




MRP. ~~180/-~~ Only @ 126/-

1. **Crack GPSC** એપ ડાઉનલોડ કરો.
2. **BOOKS** વિભાગમાં જઈ, BOOK સિલેક્ટ કરો.
3. **BUY NOW** પર ક્લિક કરી ઓર્ડર કરો.

અથવા સ્કેન કરો

**કુરિયર સર્વિસ FREE** (4 થી 5 દિવસમાં ડિલીવરી)

**QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.**

## Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય

**સરકારી નોકરીની તૈયારી માટે**

**76000 51070**


Crack GPSC

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે અગત્યનાં પુસ્તકો

**બુકની ઈમેજ પર ક્લિક કરી બુકની સંપૂર્ણ માહિતી મેળવો અને ઓર્ડર કરો.**




ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO/મામ. | ક્લર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT

**એક એપ, બધી પરીક્ષાઓ**



**વધુ માહિતી માટે Crack GPSC એપમાં BOOKS વિભાગ વિઝિટ કરો. એમેઝોન પર પણ ઉપલબ્ધ .**

એક એપ, બધી પરીક્ષાઓ

કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

# સરકારી નોકરીની તૈયારી કરો

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

## CRACK GPSC

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT



- ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર.
- ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે **Crack GPSC**

વધુ વિગત માટે સંપર્ક કરો. 7600051070